कपडवणज शहेरनुं टुंकुं वर्णन.

रची प्रसिद्ध करनार.

મહાસુખરામ નરસિંહરામ ભટ.

મોજે ભોદર.

તાલુકે જમ્બુસરની સ. ગુ. નિ. નો

મહેતાજી રહેવાશી કપડવણજ.

નડીયાદ "સત્યસાગર" પ્રેસ.

સંવત ૧૯૪૬—સને ૧૮૯૦

मूल्य रु ०—२—६

कपडवणज शहेरनुं टुंकुं वर्णन.

रची प्रसिद्ध करनार.

મહાસુખરામ નરસિંહરામ ભટ.
મોજે બોદર.
તાલુકે જમ્બુસરની સ. ગુ. નિ. ના
મહેતાજી રહેવાશી કપડવણજ.

નડીઆદ "સત્યસાગર" પ્રેસ.

સંવત ૧૯૪૬—સને ૧૮૯૦

मूल्य रु ०—२—६

प्रस्तावना·

સરકારી નિશાળોમાં છોકરા અને છોકરીઓ જીલ્લાની, પ્રાંતની, ઈલ્લાકાની, દેશની તથા આખી પૃથ્વીની ભૂગોળ તથા ઈતિહાસ સંબંધી કેટલીએક હકીકત જાણી શકે છે ખરા, પરંતુ પોતાના ગામની હકીકત ભાગ્યેજ કોઈ જાણતું હશે. કારણ કે ગામે ગામની જૂદી ભૂગોળો હોતી નથી. કદાપિ સરકાર ધારે તો કરી શકે. પણ શીખતાં ઘણી અઘરી થઈ પડે.

હોપકૃત ભૂગોળ ભાગ ૧ લામાં મહેતાજીઓને સૂચના આપેલી છે કે બાળકોને પ્રથમ ઘરનો અને ગામનો નકશો શીખવવો, ને તેની સાથે બીજી જાણવા લાયક બીના કહેવી. ત્યાર પછી જીલ્લાની, પ્રાંતની, અને દેશ પરદેશની હકીકત શીખવવી. તે પ્રમાણે શુરૂ પદ્ધીને પસંદ કરનારા શિક્ષકો કોઈ કોઈ સમયે શાંતપણે થોડી થોડી હકીકત શીખવે છે ખરા. વળી વધારે ખુલાસો જાણવાને સારૂં ઘણા ગામોની વાત શાળાપત્ર, બુદ્ધિપ્રકાશ જેવા ચોપાનીઆમાં પ્રગટ થાય છે.

અમદાવાદ, સૂરત, ભરૂચ વગેરે શહેરોની વાત જૂદા જૂદા પુસ્તકોમાં પ્રગટ થએલી છે. તે મારા જાણવામાં આવ્યું. તેથી મને એવી ઉત્કંઠા ભરાઈ આવી કે હું પણ મારી ટુંક બુદ્ધિથી કપડવણુજ ગામનું વર્ણન એક લઘુ પુસ્તકમાં પ્રગટ કરૂં કે જેથી ગામના વતનીઓને લાભકારક થઈ પડે.

આવા વિચારથી પ્રથમ મેં પદ્યરૂપે થોડી બીના લખીને કેટલાક સદ્ગૃહસ્થોને બતાવી. તે ભાઈઓને જે જે અયોગ્ય લાગ્યું તે

દૂર કરવાને મને સુચના કરી. તથા આ ચોપડી વધારે રસીક થઇ પડે તેવી બીના દાખલ કરવાની ભલામણ કરી; પણ લાચાર છું કે ઘણી પ્રાચિન બીના લેખ સહીત નહિ મળવાથી આ લઘુ પોથીમાં ગ્રહણ કરી શક્યો નથી. તેમ છતાં તેઓ બાઇના વિચારથી જે બીના મળી શકી તે તે દાખલ કરવા ચૂક્યો નથી. કોઈ જગોએથી લેખ સહીત મળી આવશે તો બીજી આવૃત્તિમાં દાખલ કરીશ.

હું કોઇ કવિ પાસે કાવ્યશાસ્ત્ર શીખ્યો નથી કે જેથી મારૂં પુસ્તક ઝમક યમક સહીત રસવાળું થઈ પડે, અને લોકોને પ્રિય લાગે. આવું રસ રહીત પુસ્તક લોક સમાજની આગળ મૂકવું યોગ્ય નથી, તેમ છતાં વિદ્વાન જનો પાસે ક્ષમા માગી આ પુસ્તક જાહેરમાં મૂકું છું કે જેથી કોઇ એકાદો સારો વિષય લખવાને લાયક થાઉં.

આ વિષેનો મારો પહેલો શ્રમ છે માટે ભુલ હોય તે વાંચતી વેળા ક્ષમા કરી સુધારી લેશો એવી આશા રાખું છું.

આ પુસ્તક પ્રગટ કરવામાં મારા જે જે સનમિત્રો તરફથી મને મદદ મળીછે તેઓ બાઇનો ઘણો આભાર માનું છુ વળી બીજા શુભ કાર્યમાં પણ આવીજ રીતે સહાય કરશે એવી વકી રાખું છું.

કપડવણજ
તા. ૧–૭–૯૦

લી.
મહાસુખરામ નરસીંહરામ ભટ.

૪૪૯૨

अर्पण पत्रिका.

રાજ્યમાન રાજેશ્રી મુરબ્બી ભાઈ અંબાલાલ દામોદર જોશી. સગાં સ્નેહિના શુભકાર્યમાં તન, મન, કે ધનથી આશ્રય આપવા તરફ આપની રૂડી રીતી, પવિત્ર મતિ, નિર્મળ પ્રીતિ, રૂડી રીતે કેળવણી અપાવવાની સમ્પૂર્ણ ઉત્કંઠા, ધૈર્ય ધરાવવામાં આપની ઉત્તમ અભિલાષા, સુખ દુઃખમાં સમભાગ લેવાની આપની બલિષ્ટ અપેક્ષા, સુનીતિને રસ્તે ચઢાવવાની આપની વિમલ મનોવૃત્તિ તથા મારા પુસ્તક પ્રત્યેનો આપનો અતોલ ભાવ નિરખી આ લઘુ પુસ્તક હું આપના હુકમથી અતિશય આનંદ સહીત આપનેજ અર્પણ કરૂંછું.

ली. आपनो आज्ञांकित सेवक

મહાસુખરામ નરસિંહરામ ભટ.

कपडवणज शहेरनुं टुंकुं वर्णन.

ગણુપતિની સ્તુતી

શાર્દૂલવિક્રીડિત છંદ.

દુંદાળા દુઃખ ભંજના જગતમાં, શંભૂ તણા સૂતરે,
પૂજું આદિ તને પ્રીત કરતાં, ગૌરી તણા પૂતરે;
તારૂં વાહન મૂષક સરસ છે, વિઘ્નો ઘણા તોડવા;
આપો વાણિ રસાળિ સારી સુખદા, ગ્રંથો રૂડા જોડવા. ૧

સરસ્વતિની સ્તુતિ

મનહરછંદ.

ધન્ય ધન્ય સરસ્વતિ, માત હું સદા સ્મરૂં છું,
સેવક તમારો હું છું, જીભ્હાએ વાસો કરો;
શારદા તું સ્હાય થકી, કવી લોકે કાવ્ય કીધાં,
કાળીદાસ જગવિષે, અગર રહ્યો ખરો;
રસગુણ રસનાએ, રાખજે તું રંક જાણી,
રૂડી રૂડી વાત મારા, રૂદીયા માંહી ભરો;
કહે મહાસુખરામ રતીપુર ગતી મારી,
સરસ્વતિ સદા મને, દૂર દોષથી કરો.

ઇશ્વર સ્તુતી.

તોટક.

પ્રભુ પાર ઉતાર મને ભવથી, પ્રભુ પાપ કરૂં ભવમાં કરથી;
પ્રભુ માફ કરો દીન જાણી મને, પ્રભુ યાદ કરીશ હું રોજ તને; ૧
પ્રભુ આ ભવમાં બહુ પાપ કરૂં, પ્રભુ પાપ કરી ભવ કેમ તરૂં;
પ્રભુ જોર જુવાની તણું નિરખી, પ્રભુ કાર્ય કરૂં નબળાં હરખી, ૨
પ્રભુ સ્વારથ સારૂ કુકર્મ કરૂં, મુજ કાર્ય થતાં તુજથી ન ડરૂં;
પ્રભુ નિત્ય તને ભજવા ભવમાં, શુભ આપમતિ પ્રભુ તું ઉરમાં. ૩

ધનાક્ષરી છંદ.

ધરણી ધરણ ધારૂં, ધરામાં ના ધ્યાન તારૂં,
ધૂતી ધૂતી કરૂં ધન, ધરામાં હું ધાઇ ધાઇ;
ગાઇ ગાઇ નથી ધણી, ગુણીજન કથા ગાગી,
ગંડક ગણાઇ નિંદા, લોકની મેં ગાઇ ગાઇ;
પાઇ પાઇ નથી પ્રેમ-સહીત મેં ભકિત પ્રભુ,
પરતણી નારીઓને પુરી માયા પાઇ પાઇ;
વિસારી વિસારી દીધા, વિભુ વિશ્વમાંહી તને;
વિસારી વિસારી નહીં, માયા અને બાઇ બાઇ. ૪

બાહ્યાંતર લાપિકા છપ્પો.

મળ્યો મનુષ્યનો દેહ નહિતો પણ પ્રભુ ગાયા;
હારદ સમજ્યો નહીં, રહ્યો વ્હાલી કરી માયા;
સૂરત જોતો રોજ, સિંહ સમ મદ મન જાણું;

ભગ વાહનનું ધ્યાન, હમેશાં હું નહિ આણું;
શશીઅશ્વ ગાયે મેં ઘણાં રાખ્યાં આળવગાં હરી;
અહિધર મેં મોંઘી દેહ તે, મરકટ સમ કહાડી ખરી. ૧

જ–યો ભાણુ–તાં તજ ગુણ, અંત ના–દલપત–દેવ;
"નરસિંહ–રૂપ કરી દેહ, વેદના સઘળી લેવા;
પ્યારાજિ–પરસોતમ, સજી–ઉત્તમ તનુ મારી;
"દોલત"માં પ્રભુ પડી, તજી સેવા મેં તારી;
સાચા ભાવે સવિતા સદા, નમન નિરંતર હું કરૂં,
તો–મહા સુખ–પામી જગ વિષે, આ ભવસાગરથી તરૂં. ૨

દોહરા.

જય જય ભય ભંજન તમે, અવિનાશી આધાર;
આદિ અનાદિ અખંડ છો, કરૂણાળુ સુખ કાર. ૧
ભય ભંજન ભાખુ તને, કર અઘ માફ કૃપાળ;
સુખ કારક સુખ સૈ સ્થળે, હે તું દીન દયાળ. ૨

ગહન ગતી છે તાહરી, અંતરયામી અપાર;
ઘાટ દીસે અવનીપરે, તેનો તું ઘડનાર. ૩
રસિયાજી રસના વગર, રસવાળું વદનાર;
કાન વગરનું કહાનજી, સહુનું તું સુણનાર. ૪
નયન વિણુ નૌકા પતિ, નીહાળો છો આપ;
કરવિણુ કરૂણાળુ તમે, કીધી વસ્તુ અમાપ. ૫
પાય વગર પ્રભુજી તમે, પૃથ્વીમાં ફરનાર;
બળવત શકિત તાહરી, રચીઓ તેં સંસાર. ૬

જૂદાં જૂદાં ગૂણને, જૂદાં તારાં રૂપ;
જૂદાં જૂદાં નામથી, ભજે રંકને ભૂપ. ૭
નિયંતા નથી કોઇનો, નાથ તને આધાર;
વિશ્વપતિ આ વિશ્વમાં, સહુને તુજ આધાર. ૮
બોદરગાં ભાવે રહી, ભણે મહાસુખરામ;
વિનય થકી વર્ણન કરૂં, જન્મ તણું જે ગામ. ૯

લાવણી.

ખેડા જીલ્લામાં ગામ, કપડવંજ નામ, શોભતું સારૂં,
રૂડેરૂં ઇંગ્લીશ રાજ પ્રજાને પ્યારૂં. ટેક.
તેનો થોડો હેવાલ, લખુંછું હાલ, છંદ ગરબીમાં,
મેં અલ્પ ગતીથી નથી કર્યું ચરબીમાં;
સંવત સૈકાં અગીઆર, કહું ધરી પ્યાર, શુભારે જ્યારે,
રાંને આરે બોઈ ગામ હતું ત્યાં ત્યારે;
રજપુતોનો ત્યાં અમલ, કરે બહુ અમલ, કસુંબાપાણી,
પણ મેં તેઓનું નામ જાત ના જાણી;
હું ઉમંગથી કહું આજ
ભાગ્યું ક્ષત્રીનું રાજ
થયું નવાબ કેરૂં કાજ
આ રાધનપુરની પાસ, મહમદનો વાસ, હતો એગ ધારૂં,
રૂડેરૂં ઇંગ્લીશ રાજ પ્રજાને પ્યારૂં— ૧
મહમદની ઓરત જેહ, લાડણી તેહ, આવી આ ગામે,
કરાવ્યો કીલ્લો બેશ, પ્રજાને કામે;
જ્યાં લાલ દીસે છે ગામ, કર્યો ત્યાં હામ, બહાલ આણીને.
કારણ તેનું એ કુંડ વાવ જાણીને; રાંને

જોયો જ્યાં રૂડો કોટ, દીધી ત્યાં દોટ, શાહને આરેથી,
આવી ને વસીઆ લોક કહું ત્યારેથી;
તે દિવસથી તે ઠામ, વસ્યું છે ગામ, આજ પણ ત્યાં છે,
વળી બાર કોસ ડાકોર. રણછોડજી જ્યાં છે;
જુઓ કીલ્લો મજબૂત
૫
દરવાજા તેમાં ભૂત
ના કશું એમાંનું તૂત
આગળ મસ્તુખાં શાહ, પાડનો વાહ, ધર્મને સારૂં,
રૂડેરૂં ઇંગ્લીશ રાજ પ્રજાને પ્યારૂં.— ૨
મસ્તુખાંનો જ્યાં માર, કેર અપાર, પ્રજાએ જાણ્યો,
પછી રાજપીપળે જઇ, ખંડેરાવ આણ્યો;
સેનાનો સારો સાથ, રાજ્ય કર્યું હાથ, નવાબ નસાડી,
થયું તે દીનથી ગામ આ ગાયકવાડી;
કડી પાટણ કહેવાય, રહે ત્યાં રાય, સુબાને સોંપી,
રૈયતને આપે સુખ, દુઃખડાં કાપી;
સંવત અઢાર બોતેર, વળી તોતેર, કામ એક કીધું,
આ કપડવંજ આપી, વીજાપુર લીધું;
એ મલ્લાવરાવ મહારાજ
આપી ઈંગ્રેજને રાજ
કર્યું ગાયકવાડી તાજ
કહેછે મ્હાસુખરામ, કપડવંજ ગામ, વતન છે મારૂં.
રૂડેરૂં ઈંગ્લીશ રાજ આજ અહીં સારૂં.— ૩

प्राचिन हकीकत.

શુમારે સંવત અગીઆરસેંની સાલમાં આ ગામ ઉપર રજપુત રાજાઓનો અમલ હતો; પરંતુ કઇ જાતના રજપૂત રાજા હતા તે જાણવામાં આવ્યું નથી. આ રાજાઓના વખતમાં ગામની મુકરદમી મોઢ વાણીઆના હાથમાં હતી. તેઓ રાજ્ય વ્યવસ્થા કેવી રીતે ચલાવતા તેની માહીતી મળી નથી. દિવસે દિવસે રજપૂતોનું રાજ્ય પડતી દશામાં આવવા લાગ્યું. તે વખતમાં મુસલમાની રાજ્ય જોરપર હતું.

આ વખતમાં રાધનપુર અને તેની આસપાસ સરદાર મહમદખાં નામનો નવાબ રાજ્ય કરતો હતો. તેની ઓરતનુ નામ લાડણી બીબી હતું. કોઇ સમયે એ બીબીને પોતાના ખાવીંદ સાથે અણબનાવ થયો, તેથી તે આ તરફ આવી. એ બાઇ જાતે હોંશિઆર, ચતુર અને રાજ્ય ચલાવવામાં લાયક હતી. તેણે પડતી દશામાં રજપૂતો પાસેથી રાજ્ય લેઇ લીધું ને પોતે રાજ્ય કરવા લાગી. રૈયતના રક્ષણને માટે કેવી ગોઠવણ કરી તે પાછળના ભાગમાં દર્શાવ્યું છે. તેના વંશમાં ઘણાં વરસ અમલ રહ્યો. આગળ જતાં તેના વંશમાં મીયાં મુસ્તખાં નામે નવાબ થયો. તે રૈયત ઉપર ઘણો જુલમ ગુજારતો હતો, તેથી રૈયત લોકે રાજપીંપળે જઇ ગાયકવાડ સરકારને અરજ કરી કે અમારા ઉપર નવાબ ઘણો જુલમ કરે છે તેથી હમારા ગરીબની વહારે ચઢો. આ અરજ ઉપરથી

ગાયકવાડ સરકારે કડીવાળા ખંડેરાવને ફોજ આપી લઢવાને મોકલ્યા. તેમણે આવી કપડવણુજ—નડીઆદ વગેરે ભાગો કબજે કરી નવાબને કાઢી મૂક્યો. (સંવત ૧૮૦૯) ત્યારથી આ ગામ ઉપર ગાયકવાડનો અમલ થયો. આ વખતે ગામની પટલાઇ મોઢ વાણીઆના હાથમાંથી કેડવા પાટીદાર કેશવજી કરીને હતા તેમના હાથમાં ગઈ. તેનું કારણ એ કે મોઢ વાણીઆની વસ્તી ધીમે ધીમે નાશ પામી ને થોડાં ઘર હતાં તે પાસેના સંસ્થાન વાડાસિનોરમાં જઈ રહ્યાં. એટલે તેમની પટલાઇ નાશ પામી. તેમના વંશજો હાલ વાડાસીનોરમાંછે.

ત્યાર પછી સંવત ૧૮૭૨–૭૩ માં ઇંગ્રેજ સરકારે કડીના મલ્હારરાવ ગાયકવાડને વિજાપુર પ્રગણું આપી કપડવણુજ લીધું. તે દિવસથી આ ગામ ઉપર ઇંગ્રેજ સરકારનો અમલ ચાલે છે. આ ન્યાયી રાજ્ય આ ગામ ઉપર અચળ રહે એવી સ્તુતિ ઇશ્વરની કરૂંછું.

આ ગામ ઉપર જે વખતે રજપૂત લોકો રાજ્ય કરતા હતા. તે સમયે આ ગામ મોહોર નદીના જે ભાગને હાલમાં રાહનો આરો કહે છે તે જગોએ વસેલું હતું. હાલમાં જે જગોએ લોકોની વસ્તી છે તે જગોએ તે કાળે ઘાડું જંગલ હતું. વાઘ—વરૂ—સિંહ વગેરે ઘાતકી પ્રાણીઓ રહેતાં હતાં. તે પ્રાણીઓનો તથા જંગલનો નાશ કરી ત્યાં વસ્તી શી રીતે થઇ તે વિષે નીચે પ્રમાણે હકીકતછે.

જ્યાં હાલમાં નીલકંઠ મહાદેવ છે ત્યાં આગળ પ્રથમ એ મહાદેવ હતા, પરંતુ કોઈના જાણવામાં નહોતા. કોઇ વાણિઆની ગાય દરરોજ તે જગોએ જઇ પોતાની મેળે દુધની ધારા કરતી, તેથી વાણિઆને ઘેર બીલકુલ દુધ દેતી નહીં. આ ઉપરથી વાણિઆએ તથા ગોવાળે તેમ થવાનું કારણ શોધવા માંડ્યું. ગુપ્ત રીતે ગાયની

પાછળ પાછળ ફરવા માંડયુ, તો દરરોજના નિયમ પ્રમાણે ગાયે ત્યાં જઈ દુધની ધારા કરી તે નજરે જોયું. તેથી તેમણે વિચાર કીધો કે આ જગોએ કંઈ પણ ચમત્કાર હોવો જોઈએ. માટે બીજે દિવસે આવી થોડું એક ખોદાણ કર્યું તો માંહે ભોંયરામાંથી મહાદેવ નીકળ્યા. પછી ત્યાંજ દેરૂં બંધાવી એ મહાદેવ લોકોને જાણીતા કર્યા, ને મહાદેવનું નામ નીલકંઠેશ્વર પાડયું.

મહાદેવની પાસે જે વિશાળ કુંડ છે ત્યાં આગળ તે સમયે નાનું તળાવ હતું. એ વખતમાં ગુજરાતનો રાજા સિદ્ધરાજ જયસિંહ આ તરફ ફરવાને સારૂં આવ્યો. તેમની સાથે શોમદત્ત કરીને એક પંડીત હતો. તે પંડીતને પતનો રોગ હતો. તે આ તળાવ વિષે સ્નાન કીધાથી નાશ પામ્યો. તેથી સિદ્ધરાજે તે તલાવ ખોદાવવા માંડયું. તો માંહેથી નારણદેવ-મહાલક્ષ્મી માતા તથા ફુલબાઈ માતાની મુર્તિઓ નીકળી. એ મુર્તિઓને નીલકંઠેશ્વર મહાદેવમાં મૂકી. પછી પોતે કુંડ બંધાવ્યો, તથા તેની પાસેની વાવ બંધાવી. એ વાવને બત્રીસ કોઠાની વાવ કહે છે. કારણ પહેલાં તેને બત્રીસ કોઠા હતા. હાલમાં તે કોઠા પડી ગયા છે. ફકત એકજ હયાત છે. વળી તે વાવ પણ ઘણી ખરી ભાગી ગઈ હતી. તેને મ્યુનિસિપાલ તરફથી રીપેર કરાવી છે વાવમાં પેસતાં જમણી બાજુનો ભાગ નવો બંધાવી કઠેરો કરાવ્યો છે, ને વાવ ગળાવી તેથી પાણી હવે ઘણું સ્વચ્છ રહે છે. અને લોકોને પીવાના ઉપયોગમાં આવે છે. જો પાણીનો વાપર ઘણો વધે તો પાણી ઘણું સારૂં રહે એવું સંભવે છે.

સિદ્ધરાજે કુંડ અને વાવ બંધાવ્યાં તેમાં પાણી ઘણું સારૂં

નીકળ્યું તેથી, તથા વિશાળ નવાણો સુશોભિત જોઈ ઘણાખરા લોકો રાહને આરેથી ત્યાં આવી વસવા લાગ્યા. રજપૂત રાજાઓની પછી જે લાડણી બીબીનું રાજ્ય થયું, તેણે પણ આ જગો પસંદ કરી. થોડી વસ્તી થઇ હતી, તેથી પોતે પણ ત્યાંજ રહી, ને એક કીલ્લો બંધાવ્યો. પછી રાહને આરેથી વસ્તી આ કીલ્લામાં આવવા લાગી. એ બીબી ઘણી ડાહી અને સમજુ હતી. તેણે વસ્તીને એવી રીતે રહેવાની ગોઠવણ કરી કે એક જતીના લોકોમાં બીજી જાતના લોકો રહે નહી. આ ગોઠવણ પ્રમાણે હાલમાં પણ છે પરંતુ કેટલેક ઠેકાણે ભેળસેળ થવા માંડયું છે. આવી તરેહની ઘરોની બાંધણી કોઇ જગાએ જોવામાં આવતી નથી.

એ બીબીએ વસ્તીના રક્ષણને સારૂ ગામની આજુબાજુ ફરનો મજબૂત કીલ્લો બંધાવ્યો. ને દરેક દરવાજે મુસલમાન લોકોને વસાવ્યા. પહેલાં જે જગોએ મીઠા પાણીનું સુંદર સરોવર હતું. તે સરોવર હાલમાં પુરાઇ ગએલું છે પણ તેની નિશાનીઓ માલુમ પડેછે. વળી એ તળાવવાળી ભાગોળને મીઠા તળાવની ભાગોળ કહે છે. ને દરવાજાને પણ મીઠા તળાવનો દરવાજો કહેછે. એ દરવાજાની નજદીક જટ જાતના મુસલમાનોને વસાવ્યા. તે મુસલમાનોની વસ્તી હાલમાં નથી. પરંતુ જે જગોમાં તેઓ રહેતા હતા તે જગાનું નામ હાલ જટવાડો તરીકે લખાય છે. તે દરવાજા નજીક લાડણી બીબીએ પોતાને હવા ખાવા સારૂ બાગ બંધાવ્યો હતો, તથા બેઠકને માટે મકાનો પણ બંધાવ્યાં હતાં. તે મકાનો હાલમાં પડી ગએલાં છે. પણ તેનાં જૂનાં ખંડેરોની નીશાનીઓ હાલમાં મળી આવેછે. પોતાના ખાવીંદની યાદગીરી માટે બીબીએ તે બાગનું ના-

મ સરદાર બાગ પાડયું હતું. તે નામ હાલ કાયમ છે પણ બાગ કાયમ નથી.

જેને હાલમાં સરખલીઓ કૂવો કહેછે તે કોઈ સખીદાસ કરીને શાહુકાર હતો તેણે બંધાવ્યો. તેના નામ ઉપરથી સરખલીઓ કૂવો એ નામ પડયું. ત્યારબાદ કીલ્લો અને દરવાજો થયો તેથી દરવાજાનું નામ પણ સરખલીઓ દરવાજો પડયું. એ સખીદાસના વંશના હાલ હયાત છે.

આ દરવાજાના રક્ષણને સારૂં મેવાતી નામના મુસલમાનોને વસાવ્યા. તે લોકોની હાલમાં વસ્તી નથી. અંતેસરીઆ દરવાજાના રક્ષણને સારૂં "બેહુરીમ આડકેના મુસલમાનો વસાવ્યા અને એ લોકોની જાગીર દરવાજા બહાર, જેને હાલમાં બીડની પાત કહેછે ત્યાં આશરે પચાસ વીઘાં જમીન હતી. તે જમીન હાલમાં તેમના વંશજોએ બીજા લોકોને વેચાણ આપેલી છે. તેમના વંશના હાલ વાડાસીનોરમાં નોકર છે.

જેને નદીનો દરવાજો કહેછે ત્યાં આગળ જોધ્આ કરીને મુસલમાનો વસાવ્યા. દરવાજાની અંદર તેમનાં ઘર, તથા ચોરો હતો, તે ચોરો પડી જવાથી હાલસુધી તેનાં કોટડાં ઉભાં છે. એ જોધ્આ લોકો તે ચોરાની અંદર એક માતેલો ઘેટો બાંધતા હતા, રસ્તે જનાર આવનાર લોકોને, તે ઘેટાને સુંગવાની જરૂર પાડતા. એવી રીતનો એ લોકોનો જુલમ હતો. તેથી બીબીઓએ તે જુલમગારોને સજા કરી તેમની જાગીર લેઈ લીધી, ને તેમની હવેલીઓ વગેરે મકાનો ખોદી નંખાવ્યાં. તે જગોમાં હાલમાં જોધ્આઓના વંશના કસબખાં ગુલાબખાં કરીને રહે છે. કેટલીક જગોમાં રાવ-

ભીઆ તથા વણકર લોકો (ઢેડા) રહેછે. એ જગોમાં હાલ ખોદાણ કરેછે તો જૂની ઈમારતોના પથ્થરો વગેરે નીકળે છે. એ ક્લોઇઆ લોકોની જાગીરમાં મોહોર અને વરાંસી નદીની વચ્ચે કેટલીક જમીન છે.

ઉત્તર તરફમાં હાલ જ્યાં ડગગર લોકોની વસ્તી છે ત્યાં એક દરવાજો હતો, તે દરવાજો હાલમાં પૂરી નાંખેલો છે. કારણ કે ત્યાં સારા માણસની વસ્તી નહીં હોવાને લીધે, તથા કોઈ પ્રકારની ખાસ્તીને લીધે, તથા ઘણા લોકોના આવવા જવાનો નીકાલ નહીં હોવાને લીધે બીજી સરકારે તે દરવાજો પૂરાવી તેને બદલે ઘાંચીવાડા આગાડી નાનો દરવાજો પાડ્યો. ત્યાં ઘાંચીની વસ્તી જાદેછે ને દરવાજો નાનો તેથી તેને લોકો ઘાંચી બારી કહેછે.

જેને હાલ સરકારી કોટ કહેછે તેને પહેલાં સરકારી ગડી કહેતા. તેમાં હાલમાં-મામલતદાર-ફોજદાર-સબરજીસ્ટ્રાર વગેરેની કચેરીઓ છે. પહેલાની કચેરીનું મકાન સારૂં નહીં હોવાથી બીજી જગોએ હાલ નવી કચેરી કરાવી ને તા. ૨૭ મી માર્ચ સને ૧૮૯૦થી ચાલતી કરીછે.

જૂની સબરજીસ્ટરની કચેરી આગળ લાડજી બીબીની કબર હાલપણ છે. સરકારી ગડીમાં બીબીને રહેવાનાં મકાન હતાં. તેનાં ખંડેરો હાલ જેવામાં આવે છે. નવી કચેરી આગળ જૂનાં ખંડેરો હતાં તે તોડી નાંખ્યાં છે. નવી કચેરી કરાવી તે વારે જૂની ઈમારતોના પાયા નીકળ્યા હતા. એ કોટમાં નાનો દરવાજો છે ત્યાં વેપારી લોકોનો નીકાલ નથી, તેથી તે દરવાજે જકાત લેવા નાકેદાર બેસતો નથી. બાકીના દરવાજે બેસેછે. હાલમાં જ્યાં મ્યુનિસિપાલેટી છે

તે જગોને હાથીઓ બુરજ કહેછે કારણ કે બીબીના વખતમાં ત્યાં હાથીઓ બંધાતા હતા. હાલમાં કપડવણુજનો કોઈ પણ ભાગ એ બીબીના વંશજોને તાબે રહ્યો નથી. તેમના વંશજો વાડાસીનોર તથા વીરપરમાં રાજ્ય કરેછે. વાડાસીનોર આ ગામથી બાર ગાઉ પૂર્વમાંછે.

વાડાસીનોરના નવાબી રાજ્યમાં હાલમાં દાસરાના વતની રા. રા. પ્રેમચંદભાઇ કરીને વણીક જ્ઞાતીના સદ્‌ગૃહસ્થ કારભારી છે. આ કારભારીથી ગામમાં ઘણો સુધારો થયો છે. રૈયતને પણ સુખમાં વધારો થયો છે. લોકોને હરેક પ્રકારની કેળવણી અપાવવામાં તેઓ ભાઇની દીર્ઘ દ્રષ્ટી છે. મોઢ બ્રાહ્મણની જ્ઞાતીમાં વારંવાર કુસંપનો જોસ્સો સ્વાર થઈ અમલ કરવાની જે યોજના કરેછે, તેની લગામ ઝાલી રાખી, તેની યોજના પુરી નહીં પડવા દેતાં સુસંપ રૂપી સ્વારને પ્રવેશ કરાવે છે. આ મહત્ત કાર્યથી તેઓ ભાઈનો ઘણો આભાર માની આ પુસ્તક સાથે તેમનું નામ જોડી રાખુંછું. હે પરમેશ્વર તેમના વંશસ્થમાં સર્વેજન તેવાજ હજો.

વાડાસીનોર જતાં રસ્તામાં વડોલ કરીને નાનું ગામ આવે છે ત્યાં લાડણી બીબીએ પોતાને વિસામો લેવા સારૂ કોટ બંધાવેલો છે. તેમાં એક ફેરકૂવો છે તે જોવા લાયક છે. હાલ તે ઘણો ખરો નાબુદ થતો જોવામાં આવેછે.

કપડવણુજ ગામની આસપાસ ગાયકવાડ સરકારે કોટના રક્ષણને સારૂ ખાઓ ખોદાવેલી છે. નદીનો દરવાજો અને કોટની બારીની વચ્ચે જે ખાઇ છે તે ખોદતાં આશરે સાતફુટ લાંબી હનુમાનની મુર્તિ નીકળી હતી તેને ગામ લોકે સરખલીએ દરવાજે ગીદાભાઈ ગુલાલની જે ધર્મશાળા કહેવાયછે ત્યાં દેરૂ બંધાવી બેસાડયા.

સિદ્ધરાજે કુંડ વાવ બંધાવ્યાં તેવારે જે મુર્તિઓ નીકળેલી તેમાંની નારણદેવની મૂર્તિ, ચોરાશી મેવાડા એ જાતના બ્રાહ્મણો કે જેઓ હાલની પ્રજામાં જોશી તરીકે વિદ્વાન વર્ગમાં ગણાય છે. તેમના ઘરડાઓએ પોતાના ઘરમાં રાખી હતી. તે સંવત ૧૮૫૦-૫૨માં મલ્હારરાવ ગાયકવાડની ગજરાંબાઈ નામની દીકરીનું લગ્ન થયું. તેમાં આ ગામના દેશાઈ લોકોએ સારી મદદ કરી તેથી તે લોકો ઉપર મલ્હારરાવની સારી મહેરબાની થવાથી, દેશાઇઓની માગણીમાં નારણદેવનું મંદીર બંધાવવા અમુક રકમ આપી તેથી દેશાઇઓએ મંદીર બંધાવી મુર્તિસ્થાપન કરી. તે દેશાઈના વંશજો હાલ હયાત છે.

આ ગામમાં પ્રથમ વોહોરાનાં આશરે એક હજાર ઘર હતાં. કુંડવાવની સામે જે પોળને હાલમાં નાની વોહોરવાડ કહે છે. તે જગોએ તથા જે જગોએ પાડાપોળ છે ત્યાં તેમનાં ઘરો હતાં. તેમ ધારવાનું કારણ એકે પોળનું નાંમ વોહોરવાડ છે. તેમજ કેટલાંક ઘરોમાં ટાંકાં માલુમ પડેછે. એ જગોએ કૂવા પણ વધારે નીકળેછે. વળી પાડાપોળને નાકે હાલમાં તે લોકોની મસીદ છે તે ઘણી ખરી ભાંગી ગઈછે. હાલમાં વોહોરા તેને સાફ રખાવે છે. વોહોરાનો રોજગાર પડી ભાગવાથી કેટલાક લોકો નાશી ગયા છે. અને જે રહ્યા છે તે પોતાની અસલ જગો છોડી બીજી જગોમાં જઇ વસ્યાછે. હવે દીનપ્રતીદિન તેમની વસ્તી, તથા રોજગાર વૃદ્ધી પામતો જાય છે તેથીજ આ ગામ શહેરોની પંક્તિમાં ગણાવાને લાયક થાયછે. હાલમાં તેઓ જથાબંધ રહેછે. તેમના ઘરોની બાંધણી ઘણી જોવા લાયક છે, તે લોકો સાબુ તથા કાચ દેશાવર ખાતે ઘણો ફેલાવે છે. હાલ તેમનાં સાતસેં ઘર છે. તેમની જુની જગોમાં હાલ હિંદુઓની

વસ્તી છે.

આ ગામમાં પ્રથમ શલાટ લોકો (પથ્થર ઘડનાર) ની વસ્તી આશરે ચારસેં ઘરોની હતી. જેને હાલ શલાટવાડો કહેછે ત્યાં તે લોકો જથાબંધ રહેતા હતાં.

એ પોળનું નામ તેમના રહેઠાણપર પડ્યું છે. તે નામ હાલ પણ કાયમછે. તે લોકોનો ધંધો કમી થવાથી તેઓ જતા રહ્યા. અને તે જગોએ હાલ મોઢ બ્રાહ્મણ રહેછે. શલાટવાડાની પાસે કાંટાવાળી ખડકી છે તે નામ પડવાનું કારણ એકે પહેલાં ત્યાં ઘી તોળવાનો કાંટો હતો. અને સેંકડો મણ ઘીનો તોલ થતો.

અને સરીઆ દરવાજા નજીક હાલ જે કંસારવાડો કહેવાય છે ત્યાં પહેલાં કંસારા લોકોનાં આશરે ત્રણસેં ઘરો હતાં. તે લોકોનો ધંધો પડી ભાગવાથી તેઓ પણ જતા રહ્યા. હાલ જે હરસદ માતા કહેવાય છે તે કંસારા લોકની દેવી હતી. તે માતા પ્રથમ (રાદહને ચારે ગામ હતું ત્યારે) ટાંકલાંની દેરીએ હતાં ત્યાં પથ્થરનું બાંધેલું તળાવ હતું. ત્યાંથી કંસારા લોકો એ દેવીને લાવ્યા. જ્યારે એ લોકો આ નવી જગોએ રહેવા આવ્યા ત્યારે તે દેવીની સ્થાપના કરી. હાલ તે કંસારવાડે મોઢ બ્રાહ્મણ તથા શ્રાવક લોકોની વસ્તી છે. કંસારા લોકો અહીંથી નડીઆદ જઈ વસ્યાછે તે હાલ કપડવંજી એ નામથી ઓળખાય છે.

આ ગામમાં લુહાર લોકોનાં આશરે ચારસેં ઘર હતાં. હાલ જ્યાં નદીને દરવાજે કુંભારવાડાની સામે વહેરીમાતાની પોળ છે ત્યાં રહેતા હતા. તે લોકો નાશી ગયા તેનું કારણ એજકે તે લોકો ખાણમાંથી લોઢું ગાળતા હતા. તે લોઢું ગાળતાં તેમાં કંઈ વનસ્પતિનો પદાર્થ મળતા-

થી રૂપું બન્યું. તેરૂપુ શીરીતે બન્યું તે માલમ પડ્યું નહીં તેથી તે લોકોએ જાણ્યું કે રાજ્યમાં જાણ થશે તો આપણને દુઃખ દેશે તેમ જાણી નાશી ગયા. તે લોકોની ભઠ્ઠીઓ મોહેર નદીને કાંઠે હતી. જે લોહું ગાળેલું તેના કાટના મજબુત ટેકરા બનેલા છે તે ઉપરથી તે આરાને કાટડીઓ આરો કહેછે. જે ખાણોમાંથી લોહું ગાળતા હતા તે ખાણો હાલ હયાતછે. કોઈ હુનરી માણસ એનું આપમાન મેળવી તજવીજ કરેતો લોહું નીપજે. પરંતુ આ ગામમાં હુનરી માણસોની ઘણી ખોટછે. જો હુનરી માણસો હોયતો સાબુ અને કાચ બનાવવામાં પણ મોટો સુધારો થાય ખરું. આ ખોટ હે કૃપાવંત પરમેશ્વર પુરી પાડો. એ લુહાર લોકો વઢવાણ–લીમડી તથા અમદાવાદ તરફ રહેછે.

સરકારી કોટની પાસે જુમા મસીદમાં ભોંયરામાં શ્રાવક લોકની મુર્તિઓ છે. આ ગામના રક્ષણને અર્થે પહેલાં અમુક રકમ માંડવાના મીંઆને આપતા. તે રૂપીઆ સરકાર નહીં આપતા. પરંતુ રૈયતપર કર નાંખી લેવાતા હતા. પછી સંવત ૧૯૦૨માં ઇંગ્રેજ સરકારે રૈયત ઉપરથી કર કાઢી નાંખી તેમને કંપનસેશન તરીકે અમુક રકમ આપવા ઠરાવેલીછે. તે હાલ પણ અપાયછે. હાલ ગામને જરૂર પડે તે વખતે બંદોબસ્તને સારૂ પોતાના માણસોથી મદદ આપે છે.

આ ગામમાં જે મલેક લોકો છે તેમને પણ રક્ષણ અર્થે અમુલા કરીને ઈનામી ગામ તથા જાગીર મળેલી છે.

કપડવણજથી પશ્ચિમે સાત ગાઉને છેટે જે વાત્રક નદીને કીનારે અજમાબાતનો કોટછે તે આજમ ખેગડાનો કરાવેલો છે. તે આ તાલુકામાં જોવા લાયક છે. વળી માંડવા તથા આગલીઆરાની વ-

આગાં જૂનાં ભોંયરાં છે તથા દેર કૂવો છે તે પણ જોવા લાયક છે.

ઉપરની સઘળી હકીકત કપડવણજના રહીશ દેસાઇ મનસુખભાઈ ગોકલભાઇ તરફથી મળેલી છે. તેથી તેઓ ભાઈનો હું ઘણો આભાર માનુંછું.

ગામની બહારની બાજુનું વર્ણન.

ચતુર્સિમા—આ ગામની પૂર્વ તથા અગ્નિ ખૂણે રેવાકાંઠા એજન્સિમાંનું વાડાસિનોર સંસ્થાન છે. દક્ષિણે સોગનાથ મહાદેવ તથા રત્નાગર માતાનું દેવળ અને ડુંગરા છે. નૈરૂત્ય ખૂણે કુબેરજી મહાદેવ અને પશ્ચિમે તથા ઉત્તરે મોહોર નદી આવેલી છે.

વિસ્તાર—આગામ ઘણું કરીને ગોળાકારે છે, તેનો ઘેરાવો આશરે લગભગ ત્રણ મૈલનો છે. ચારે બાજુએ ફરતો ચુનેથી ચણેલો પથ્થરનો કોટ છે. એ કોટમાં ચાર મોટા દરવાજા તથા બે નાની બારીઓ છે. ને આશરે ૭૦૦૦ ઘરની વસ્તી છે; તેમાં જૂદી જૂદી જાતના ૧૫૦૦૦ હજાર લોકો વસેછે.

ગરબી ૧ લી

પડવે પાતળીઆ ગીરધારી, મારે મ્હોલે આવજોરે લોલ—એરાગ

જીલ્લે ખેડામાં છે શેહેર, કપડવંજ શોભતુંરે લોલ;
ત્યાંછે રત્નાગરની મ્હેર, દેશ રૂડું દીપતુંરે લોલ. ૧
નગરને ફરતો દીસે કોટ, બહુ રળિઆમણોરે લોલ;
બાળક ત્યાં હે દોટાદોટ, હરખ રમવા તણોરે લોલ. ૨

મોટા દરવાજા છે પાંચ, લોકો સુખમાં વસેરે લોલ;
તેથી નાવે ઉની આંચ, જોઈ ચિતડું ખસેરે લોલ. ૩
ઉત્તર, દક્ષિણ, પશ્ચિમ, મ્હોર, નદી નીર શોભતાંરે લોલ;
ધોવા હેત જાય નરનાર, લજ્જા ઘણી લોપતાંરે લોલ, ૪
નદીએ વૃક્ષ તણી છે હાર, લીલા શુભ છોડવારે લોલ;
ત્યાંતો શીલાબાંધ અપાર, પ્રીતી પટ જોડવારે લોલ. ૫
ત્યાંથી બે ઐનરવા છેટે, વારાણુશી વહેરે લોલ;
ત્યાં તો રામ લક્ષ્મણ ભાઈ ભેટે, જનક તનયા રહેરે લોલ. ૬
આગળ ગગનવાવનો ઠામ, આવે રળિઆમણોરે લોલ;
રાખ્યું બાપુજીએ નામ, ખરચી દામ ત્યાં ઘણોરે લોલ. ૭
ધન્ય ધન્ય દુલ્લભ સુત સુજાણ, વિપ્ર જાત મોઢતણીરે લોલ;
કરજો પરઉપકારી કામ, ધરી ઉર દયા ઘણીરે લોલ. ૮
ત્યાંથી ત્રણ કોસછે દૂર, દેરૂં મહાદેવનુંરે લોલ;
વિખ્યાત આસપાસ જરૂર, ઉતકંઠ નામ તેમનુંરે લોલ. ૯
વહેછે વેત્રવતી તે ઠામ, નિર્મળ નીર તેહનુંરે લોલ;
વચ્ચે માતાનો મૂકામ, દુઃખ હરે રંકનુંરે લોલ. ૧૦
પુરણ પ્રભુવર કર આ કામ, વિદારી પુંજ પાપનેરે લોલ;
વદેછે વિપ્ર મહાસુખરામ, વિભુવર આપનેરે લોલ; ૧૧

ગામની પશ્ચિમ દિશાએ જે દરવાજો છે તેને "નદીનો દરવાજો" કહે છે. કારણ કે ત્યાં થઇને બંને નદીઓએ જવાય છે. દરવાજામાંથી નીકળતાં ડાબે હાથે સરકારે સડક બાંધેલી છે. ત્યાં થઇને આંત્રોલી, કઠલાલ, મહુધા અને નડીઆદ વગેરે ગામોમાં જવાય છે. દરવાજાની સામે ભારે દરજ્જાના સરકારી નોકરોને ઉતરવા સારૂ

એક વિશાળ બંગલો બાંધેલો છે. તે બંગલાની જમણી બાજુએ બાગની જગો છે અને બાકીની દિશાએ છુટું મેદાન છે.

સડકને રસ્તે જતાં બે ત્રણ ખેતરવાને છેટે લોઢાની મોટી ખાણુ આવે છે. હાલમાં તે ખાણમાંથી લોઢું નીકળતું નથી. આશરે ૫૦ વરસ ઉપર ગોહુરબાન આસિસ્ટંટ કલેકટર આસબનાર સાહેબે લોઢું ગળાવ્યું હતું. પરંતુ ખરચ વધારે પડવાથી બીજે વરસે ગળાવવું બંધ કીધું. હાલમાં તે જગોની માટી, લોઢું બળી જવાથી પથ્થર જેવી થઇ ગઇ છે. તેથી તે માટીને ઘણા લોકો "લોખંડીઆ પથ્થર" પણ કહે છે. તે પથ્થર સડકો બાંધવાના કામમાં આવે છે.

દરવાજેથી આશરે બસેં હાથને છેટે મોહોર નદી છે, એ નદીમાં લોકોને ધોવાની જગોએ મોટા મોટા રાના પથ્થર ઘણા છે, જે જે જગોએ લોકો વસ્ત્ર ધૂએ છે, સ્નાન કરે છે, તે તે જગોનાં નામ ખાનપુરનો આરો, ગાર્દી આરો, કાટડીઓ આરો, મહાદેવવાળો આરો અને વડવાળો આરો એ પ્રમાણે જૂદાં જૂદાં નામ પાડેલાં છે. મહાદેવવાળા આરે એક ધર્મશાળા હતી; તે હાલમાં ભાગી ગઇ છે એ જગોએ બાવસાર લોકો લૂગડાં ધૂએ છે તેથી ઘણું કરીને પાણી સ્વચ્છ રહેતું નથી. વળી આ નદી વારાણસી કરતાં મોટી હોવા છતાં ઉનાળાના દિવસમાં વહેતી બંધ થઇ જાય છે. જો કદાપિ આ નાની નદીમાં પાણી રહેતું ન હોત તો ગામના લોકોને પાણીની ઘણી અડચણ રહેત.

મોહોર નદીથી બે ખેતરવાને છેટે "વારાણસી" નામે નાની નદી છે તેને લોકો "વરાંસી" પણ કહેછે. આ નદીમાં બારે માસ

નિર્મળ પાણી રહે છે. એ નદીના કાંઠા ઉપર એક બાવાની મઢી છે તેમાં રામચંદ્રજીની મૂર્તિ છે. ત્યાંથી દોઢ ગાઉ પશ્ચિમમાં જતાં શિવશંકર મહેતાની વાવ આવે છે. તેની પેલી તરફ થોડે છેટે બીજી વાવ છે, તે પહેલાં ભાગેલી હતી ત્યારે તેને "મગનભાઇની વાવ" એવું લોકો કહેતા. પરંતુ હાલમાં કપડવણજના રહીશ મોઢ બ્રાહ્મણની જ્ઞાતીમાંના વકીલ બાપુજી દુલભરામે સંવત ૧૯૪૨ માં તે વાવ ફરીથી બંધાવી. તથા પાસે જતા આવતા લોકોને ઉતરવા સારૂ એક નાની ધર્મશાળા કરાવી; ત્યારથી એ વાવને લોકો "બાપુજીની વાવ" કહે છે.

ત્યાંથી એક ગાઉ ઉપર "બાહ્મા કુઇ" નામનું ગામ તથા એજ નામની વાવ છે. એ વાવનું પાણી બાપુજીની વાવના જેવું રહેતું નથી, તેથી લોકો તેને "માંટીમારની" વાવ પણ કહે છે, અને તેમ કહેવાનું કારણ એમ બતાવે છે કે કોઈ સ્ત્રીએ પોતાના ધણીને મારીને આ વાવ બંધાવી છે. આ વાત ખરી યા ખોટી કહેવાને મારી પાસે સાબિતી નથી. આગળ જતાં એક ગાઉ ઉપર "કેવડીઉ" કરીને ગામ આવે છે. ત્યાંથી આગળ "વાઘજીપુર" એ નામનું નાનું ગામછે તેની પાસે ઉતકંઠ મહાદેવનું મોટું ધામછે.

ગરબી ૨ જી.

જે કોઇ અંબીકાજી માતને આરાધશેરે લોલ—એ રાગ.

ઉતે ડુંગરી મહાદેવ સહુ આવજોરે લોલ;
સાથે ચોખા સોપારી પૈસો લાવજોરે લોલ. 1
નદી ઝાંઝર ઝમકારા કરી આવતીરે લોલ;

તે તો વેત્રવતી નદીને શોભાવતીરે લોલ. ૨
પાસે શિવાનંદની ટેકરી શોભતીરે લોલ;
તેની સામે ભૈરનાથ દેરી ઓપતીરે લોલ. ૩
ભોળા શંભુને ભસ્મ ગોળા ભાવતારે લોલ;
તેથી દેરા પાછળ ભસ્મ ખાણુ રાખતારે લોલ. ૪
દેશ દેશના લોકોરે ત્યાં આવતારે લોલ;
જોઈ ભસ્મને લેઇ હાથે ચોળતારે લોલ. ૫
પટ દૂર કરે છે જળ ભરવારે લોલ;
લે છે સુખડ બીલી પુજા કરવારે લોલ. ૬
વળી આકડાનાં પુષ્પ પણ લાવતારે લોલ;
ભોળા શંભુને શીર તે ચડાવતારે લોલ. ૭
શગર આઠ પગથીઆં ચડી આવતારે લોલ;
પાયે નમી મહાદેવ જોવા બેસતારે લોલ. ૮
નય ધરી નમે નરસિંહ રામનેરે લોલ;
સુત સદા સગુણ ગાય શાગનારે લોલ. ૯

વાશ્રકપુરથી જતાં સામી વેત્રવતી નદી આવે છે. તેને ઉત્તરમાંથી ઝાંઝરી નદી આવીને મળે છે. વેત્રવતી નદીને લોકો વાત્રક પણ કહે છે. જ્યાં આગળ એ બે નદીઓનો મેળાપ થાય છે ત્યાં " દેવડુંગરી " નામના મહાદેવ છે; એ દેરૂં વેત્રવતી નદીની વચ્ચોવચ છે તેથી ચોમાસાના દિવસમાં વખતે દેરા ઉપર પાણી ફરી વળે છે. એ મહાદેવનું દેરૂં મોટા ચુનાના પરથાર ઉપર છે. એ પરથાર ઉપર ચડતાં જમણી બાજુએ એક નાનો ગોખ છે. તેમાં માતાનું સ્થાનક છે. એ માતાની આગળ કપડવણજના તથા આજુ બાજુ-

ના ગામના લોકો નાના બાળકોની બાધા ઉતરાવે છે. એ દેરાની સામે પૂર્વમાં આશરે બે વાંસપુર ઉંચી ટેકરી ઉપર "**શિવાનંદ**" મહાદેવની જગો છે. ને પશ્ચિમ દિશાગાં આશરે ચાર ખેતરવાને છેટે "**ખેરનાથ**" નામના મહાદેવ છે. એ મહાદેવ આગળ વસ્તી નથી. નદીને સામે કાંઠે હોવાથી ચોમાસાગાં પુજા કરનારને થોડી ઘણી ઇજા પડે છે ખરી. એ દેરાની પાછળ આશરે બસેં હાથને છેટે ભસ્મની ખાણુ છે.

ગરબી ૩ જી.

ઓખા કહેછેરે સુણુ સાહેલી લાવ કંથને વહેલી વહેલી. એરાગ
જેવા ટેકરી ઉપર ચડીઆ, રૂપિ જોઆલી દ્રષ્ટે પડીઆ;
દેરાનું દ્વાર પશ્ચિમ ભણી, આસપાસ ઓરડીઓ ઘણી. ૧
જગણે પાસે દુંદાળા દેવ, લોકો કરે પ્રથમ તેની સેવ;
બેઠા ગોખમાં કાકા બળીઆ, પાસે દેરામાં હનુગંત હળીઆ ૨
શંભૂ શીરછત્ર કનકનું છાજે, સામા ગોખમાં ઉમીયા બીરાજે;
દીસે પીતળનાં બે કમાડ, કંકુ કેરી માએ કરી આડ. ૩
માએ ખડ્ગ ધર્યું છે હાથે, દીસે મુગટ કનકનો માથે;
કાને કુંડળ શોભે છે સાર, કંઠે નાંખ્યા મોતીના હાર. ૪
પાગે ઘુઘરી રૂમઝુમ વાજે, કેશ નાગણી જેવા છાજે;
શોભે ખોળામાં બેઉ બાળ; દીસે છુંદણું ગોરે ગાલ. ૫
હાથે હેમની શોભે ચુડી, માની ચુંદડી શોભતી રૂડી;
માની કાજળથી આંખ કાળી, નાકે દીસે મોતીની વાળી. ૬
વળી જ્યાં છે બાવાનો મઠ, જોવા લોકની ત્યાં વાગે ઠઠ;
પછી બાગ જોવા સાંચરવું, એનું મ્હાસુખનું છે વદવું. ૭

દેવડુંગરી મહાદેવની ઉત્તરે મોટી ટેકરી ઉપર ઉતકંઠ મહાદેવ છે. એ ટેકરી ઉપર ચઢવાને આશરે સવાસો પગથીઆં બાંધેલાં છે. એ પગથીઆં પર ચડયા કે મોટો છોબંધ પરથાર આવેછે. એ પરથારની વચમાં મહાદેવનું વિશાળ ધામ છે. એ દેરાનું દ્વાર પેસતાં પશ્ચિમ દિશામાં છે. દેરાની આસપાસ પરદેશી લોકોએ ઘણી ઓરડીઓ કરાવી છે. દેરાની બહાર ડાબી બાજુએ આશરે પંદર હાથ ઉંચે એક નાના ગોખમાં **જેબાલી** રૂષિનું ધામછે. એ રૂષિ ઉત્કંઠ મહાદેવને કાશીએ લાવ્યા એવું કહેવાય છે. એ મહાદેવનું દેરૂ કોઈ અમદાવાદના વાણિઆએ બંધાવ્યું છે. દર વ્યતિપાતે ઘણા લોકો ત્યાં દરશન કરવા જાયછે. અને મહાવદ ૧૪ ને રોજ એટલે શિવરાત્રીને દિવસે દર વરસે મોટી જાત્રા ભરાયછે. તેમાં અમદાવાદના ઘણા લોકો. આવેછે એ મહાદેવ, જળાધારીનીવચ્ચે એક બે હાથ ઉંડી કુંડીછે તેમાં ગાયની ખરીને આકારે છે. તેમાં લોકો જેટલું પાણી પૂજા કરતી વેળા રેડેછે તેમાંથી એક રતિપૂર પાણી બહાર દેખાતું નથી. એ પાણી કયાં જાયછે તે કોઇને માલમ પડતું નથી. એ ઘણી નવાઈની વાત છે. અને એ કારણને લીધેજ દેશાવરના લોકો એ મહાદેવની વધારે પ્રતિષ્ટા ગણેછે. જ્યારે ગોદાવરીનું વરસ આવેછે ત્યારે ત્યાં ધજા ચઢે છે, તે વગર ચડતી નથી. એ મહાદેવથી ત્રણ ગાઉ દક્ષિણમાં “આત્રસુંબા” કરીને ગાયકવાડી ગામ છે, તેને તાબે મહાદેવ ઉપર બંદોબસ્ત રાખવાનું છે. પહેલાં એ ટેકરી ઉપર ઘણા વાઘ રહેતા, પણ હાલમાં વસ્તી થવાથી વાઘ જોવામાં આવતા નથી ત્યાંથી ઉત્તરમાં ત્રણ ગાઉ ઉપર જંગલમાં “ **કેદારેશ્વર** ” કરીને મહાદેવ છે. તેમના બાણ ઉપર થઇને ઝાંઝરી નદીનું પાણી જાય છે. હાલ ત્યાં સુધારો થવા માંડયોછે.

ઉત્કંઠ મહાદેવના બાગનું વર્ણન.

શાર્દૂલ વિક્રીડીત છંદ.

આંબા બાવળ બોરડી અતિ ભલી, બીલી અને આમલી,
લીંબૂડી તજ શોભતી ફૂલિ વળી, સ્વાદિષ્ટ સીતાફળી;
આસોપાલવ એલચી વડ ઘણા, મોટા ઉંચા તાડજો;
ઝાડી આવળ શોભતી વળિ, રૂડી મેંદી તણી વાડજો. ૧
ચંબેલી જુઇ મોગરો કરણને, ચંપો ચડ્યો જોરથી;
કાંટાશેરી ગુલાબ દાડમતણાં, ફુલો ફૂલ્યાં ફેરથી;
કેસુડો બહુ શોભતો અરકુશી, ઉદ્રાક્ષને જાય છે;
બોલે મ્હાસુખ સાંજરે પવનની, ઠંડી હવા વાય છે. ૨

ગરબી ૪ થી.

ક્યાં ગયોરે પેલો મોરલીવાળો, અમરા ઘુંઘટ ખોલીરે—એ રાગ
બાગ જોઈ તમે ત્યાંથી ચાલો, જ્યાં મહાદેવનું દેરૂંરે;
ત્રણ કોસ શોભે દૂર તહાંથી, કેદારેશ્વર કેરૂંરે. બાગ ૧
ત્યાંથી સૌજન હેત ધરીને, આવો નદી દરવાજેરે;
ત્યાંથી ચાલો ઘાંચી બારી, મસીદ જોવા કાજેરે. બાગ ૨
દરવાજાની જમણી બાજુ, મીઠા પાણીનો કૂવોરે;
નદીએ ધોવા જાતાં કાંઠે, જુનો કોટ તે જુઓરે. બાગ ૩
સ્નાન કરી તુલસી માતાને, નમજો નર ને દારારે,
આગળ કબરસ્તાન જુઓ જઈ, જહાં યવનના દાદારે. બાગ ૪
ત્યાંથી આવો રાણી વાવે, જોવા બીજી બાગોળેરે;
શાખાનો ફૂપ સાખ પુરેતે, ગાયો ઘણી વાગોળેરે. બાગ ૫

ગાણેક શેઠાણીની રૂડી, ધરમશાળા શોભેરે;
આવતા જાતા મુસાફરો બહુ, ત્યાં આવીને થોભેરે. બાગ ૬
ધરમશાળા વચ્ચે બીરાજે, આંબા મારી માડીરે;
પાછળ મોટા વાડો છાજે, ત્યાં રહે ઘોડાં ગાડીરે. બાગ ૭
વાડામાં એક અધુરૂં છે, જૈન ધરમનું દેરૂંરે;
મ્હાસુખનો દેવ મ્હેર કરે તો, દેરૂ થાય એ પૂરૂંરે. બાગ ૮

નદીના દરવાજાની જમણી બાજુએ સરકારી નોકરોને જવા આવવા સારૂ કોટ તોડીને નાનો દરવાજો કર્યો છે. તેને કોટની બારી કહેછે. તેની જમણી તરફ ઘાંચી બારીનો દરવાજો આવેછે. એ નામ આપવાનું કારણ એ કે એ દરવાજાની પાસે ઘાંચી લોકોની વસ્તી ઘણીછે. દરવાજાની જમણી બાજુ સક્કરકુઇ છે. તેને પીરમુંડાની કુઈ પણ કહેછે. એ કુઈપાસે જાહેર પીરનું મકાન છે ત્યાં ઉરસ ભરાયછે.

એ દરવાજેથી નદી ઉપર જતાં ભાગેલો જૂનો કોટ છે તે ઉપરથી એવું ધારવામાં આવેછે કે આ જગોએ અસલ ગામ હશે. પછી આગળ જતાં કબરસ્તાન આવેછે. તેની પેલી તરફ સતરાશી છે. સતરાશી કહેવાનું કારણ એકે ત્યાં સત્તર ભાઈની જૂદી જૂદી સત્તર કબૂરો છે. જો કોઈ સતરાશીમાં સત નથી, એવું કહે તેને આજે પણ ખાત્રી કરી આપે છે કે આ જગોએ સત છે. તે એવી રીતે કે ૧૭ દીવા, ૧૭ શ્રીફળ અને સત્તર ફુલના હાર તે જગોએ મુકે. પછી લેઈને ગણેતો ત્રણમાંથી એક ચીજ વધે. રજબ મહીનાની તા. ૧૭ મી ને રોજ ત્યાં ઉરસ ભરાય છે.

સતરાશીથી પૂર્વ દિશામાં કાળુપુરનું દેરૂ છે તેની અગ્નિ ખૂણે એક જુની વાવ છે તેને રાણી વાવ કહેછે. તે કઈ રાણીએ બં-

ધાવી તે રાણીનું નામ નથી. એ વાવનું પાણી પીવાના કામમાં આવતું નથી. તેની ઉત્તરમાં શાખાનો કૂવો છે; તેની સામે દશા નીમા વાણિઆ શેઠ "લલ્લુભાઈ મોતીચંદની વહુ માણેકબાઇની બંધાવેલી મોટી ધર્મશાળા છે. એ ધર્મશાળામાં મીઠા પાણીનો કૂવો છે. વચમાં ચોક છે ત્યાં અંબા માતાનું દેરૂં છે. ચોકની દક્ષિણે અને પશ્ચિમે માળ છે, ને ત્રણ બંગલા છે ત્યાં શ્રીમંત લોકો ઉતરે છે. સાધારણ વર્ગના લોકો મેડા ઉપર તથા નીચે ઓટલા ઉપર ઉતરે છે ને છેક નબળી સ્થીતિના લોકો બહારની બાજુએ ઓટલા ઊપર ઉતરે છે. હાલમાં એ ધર્મશાળાની દેખરેખ શેઠ કેવળભાઈ જેચંદભાઈ તરફથી રાખવામાં આવે છે.

અંબામાતાની સ્તુતિ.

સાર્દૂલવિક્રીડીત છંદ.

અંબીકા તુજ આગળે સ્તુતિ કરૂં, રૂડી મતિ આપજે;
ભક્તોને તું અપાર દાન સુખ દે, પાપો વળી કાપજે;
માતા તું મુજને વળી ભવ વિષે, પાળે સદા પ્રીતથી;
વિધા દાન અપાર આપ મુજને, ગ્રંથો કરૂં હેતથી. ૧
હે માતા ભવમાં ભમીજ કરથી, પાપો ઘણાં હું કરૂં;
તારી ભક્તિ કદી કરી નમનથી, નિંદા સદા ઉચરૂં;
તારી શક્તિ અપાર આ જગતમાં, દીસે દયા માવડી;
આવી દ્વાર તને નમી સ્તુતિ કરી, જેવી મને આવડી. ૨

હરીગીત છંદ.

બે હાથ જોડી માતને, પાયે પડી પાછા ફરો;
જ્યાં કંથ પારવતી તણા છે, ત્યાં જઈ મસ્તક ધરો;
ફડ ફડ ધજા ત્યાં ફડકતી, વળી ઘંટ ઘણ ઘણ વાજતા;
ધડ ધડ નોબત ગાજતી, શુક મોર સ્વર બહુ છાજતા. ૧
તે શિવ ભોળા વૈજનાથ, આગળ જુઓને લીંમડો,
અંધારી રાતે ઓપતો જાણે ઊભો છે બીગડો;
સુંદિર સરોવર તટ ઉપર વળી શોભતી ગા લીમડી,
સનમૂખ સુંદર શોભતી, વિશાળ શીંગર વાવડી. ૨

માણેક શેઠાણીની ધર્મશાળાની અગ્નિ ખૂણે વૈજનાથ મહાદેવનું દેરું છે. આ ગામમાં બ્રાહ્મણ જ્ઞાતીમાં અદુમ્બર કરીને એક હુંકી નાત છે, તે જ્ઞાતિમાં કોઇ આશારામ આણંદરાવ કરીને મહા પુરૂષ થયો, તેણે સંવત ૧૬૪૫ માં વૈજનાથ મહાદેવનું દેરું તથા વાવ ઉપરનો બંગલો બંધાવ્યો. અને તેમના પીત્રાઈ ભાઇ નરભેરામ પરસોતમે પેસતાં જમણી બાજુનો ભાગ બંધાવ્યો ત્યાર પછી ડાબી બાજુનો ભાગ દશા નીમા વાણિઆની જ્ઞાતીના મહેતા કાળીદાસ જીવણભાઇએ પાછળથી બંધાવ્યો છે. આશારામ આણંદરાવના વંશજો હાલ પણ હયાત છે.

વૈજનાથ મહાદેવની સ્તુતિ.

શાર્દૂલ વિક્રિડીત.

હે ભોળા શિવ વૈજનાથ તુજને, પાયે પડી ઉચરૂં;

કાપો કષ્ટ અપાર જે મુજ તણું, વિશ્વાસ તારો ધરૂ;
આવ્યો હું શરણે નમું વિનયથી, કૂડી મતિ કાપજે,
તારી ભક્તિ કરૂં સદા ભવનમાં, એવી મતિ આપજે, ૧

મારૂં સોનાનું છે બેડુંરે—છેલ છબીલા છોગાળા—એ રાગ.

જ્યાં શોભે સુંદિર સરોવરરે—જોવા આવો નરનારી;
ત્યાં શોભે મોટાં તરૂવરરે—માયાની સહુ બલિહારી. ૧
મેં કસનપરૂં ત્યાં જોયુરે-જો૦ દીઠામાં દીલડું મોહ્યુરે-મા૦ ૨
જ્યાં શોભે વાડા મોટારે-જો૦ ત્યાં ઘાસ તણા નહીં તોટારે-મા૦ ૩
વળી પકવે ત્યાં બહુ ચુનોરે-જો૦ કોઇ ઘડી ન મુકે સૂનોરે-મા૦ ૪
જ્યાં ભઠ્ઠીઓ છે સારીરે,-જો૦ ત્યાં કાચ બને છે ભારીરે-મા૦ ૫
તમે કથન સુણો આ મારૂંરે-જો૦ મન રાજી થાય તમારૂંરે-મા૦ ૬
એ આંતેસરીઆ ભાગોળરે-જો૦ પછી જુઓ પરૂ ગોપાળરે-મા૦ ૭
ત્યાં તળાવ સારૂં શોભેરે-જો૦ ઢોર પાણી પીવા થોભેરે-મા૦ ૮
ત્યાં બાંધી નવી સડકોરે-જો૦ ત્યાં તરૂ વીણ લાગે તડકોરે-મા૦ ૯
છે સરખલીઆનો કૂવોરે-જો૦ સામું બ્રહ્મપુરીજી જુવોરે-મા૦ ૧૦
ત્યાં રહેછે ઘોડાં ગાડાંરે-જો૦ વળી ઝાઝાં શોભે ઝાડાંરે-મા૦ ૧૧
સામે હનુમંતાનું ધામરે-જો૦ કહેછે મહાસુખરામરે-મા૦ ૧૨

આ આંતેસરીઆ ભાગોળે જે દરવાજો છે તેને "આંતેસરીઓ દરવાજો" કહેછે કારણ કે ત્યાંથી પાસેમાં પાસે મોટું ગામ અંતેસર કરીને છે તે ઉપરથી એ ભાગોળનું તથા દરવાજાનું નામ એવું પડયુંછે.

લીંમડી માતાની સામે ઉત્તરમાં "કસનપરૂં" કરીને નાનું ગામછે એને કસનપરૂં કહેવાનું કારણ એકે આશરે સંવત ૧૯૦૭ માં કપડવણજમાં ગોપાળરાવ લક્ષ્મણરાવ કરીને એક મામલતદાર થઇ

ગયા તે વખતે ગામનો મુખી પટેલ કસનદાસ કરીને હતા, તે પટેલ કસ્બાગામાં રહેતા હતા પણ લોકો પાસેથી વસુલ લેવા સારૂ. હાલ કસનપરૂં છે તે જગોએ માંડવો બાંધીને રહેતા હતા. તેથી તેમને ઘર આગળ જતાં આવતાં સરકારી કામમાં ઘણી હરકત પડવા માંડી. એ વાત પટેલે રાવસાહેબ ગોપાળરાવને કહી, તેથી ગોપાળરાવે તે જગોએ તેમને કેટલીક જમીન આપી ઘર બાંધવાની રજા આપી. ત્યારથી પોતે ત્યાં રહ્યા અને બીજા લોકોને વસાવ્યા.

એ ગોપાળરાવને બધા લોકો દાદા સાહેબ કહીને બોલાવતા. તેમના વખતમાં ધાંમોદનો કોઈ ભીલ કપડવણજ લુંટવાને આવ્યો. દાદા સાહેબ તેની સામે લશ્કર લેઇને લઢવા ગયા. લીંમડી માતા આગળ તેમની લડાઇ થઈ. તેમાં દાદાસાહેબનો બરછી વાગવાથી પ્રાણ ગયો. પછી તે ભીલ નાશી ગયો. (એ ભીલ હાલમાં "પાદશાહ" નામથી ઓળખાયછે.) ત્યારપછી તે ભીલને કલેક્ટર ગીલ સાહેબે શોધી કહાડયો, ને જે જગોએ દાદાસાહેબને બરછી મારી હતી તેજ જગોએ તેને તથા તેના બે કારભારીઓને ફાંસી દીધી.

શીંગર વાવથી આગળ જતાં દક્ષિણમાં ગોપાલપરૂ આવે છે. એ નામ પડવાનું કારણ એ કે ઉપર જણાવેલા રાવસાહેબ ગોપાલરાવે તે વસાવ્યું હતું. એ પરામાં હાલ નવી ધર્મશાળા સાધુ લોકે બંધાવી છે ને તેમાં રણછોડજીની મૂર્તિ બેસાડી છે; તે ઉપરથી તેને "રણછોડજીનું મંદીર" કહેવાને કશી હરકત જણાતી નથી. જ્યાં આગળ તળાવ છે ત્યાં આગળથી બે સડકો કાઢેલી છે અગ્નિકોણ તરફની સડક ડાકોર જાય છે ને ઇશાન તરફની બાયડ—ગાબટ વીગરે ગામો સુધી જાય છે.

મનહર છંદ.

કૂપ સામી કહું યાર, ધર્મશાળા દીસે સાર,
વચમાં રૂડેરા શોભે, હનુમંત બળીઆ;
તેની પાસ હમેશ તો, જોગી ને જંગમ રહે.
ભોગી ભોગ જોગે જાય, ધરાપર ઢળીઆ;
ત્યાંથી ચાલ્યા પછી રૂડી, વાવ આવે વ્હોરા તણી.
વહોરા અપાર બાઇ સાંજ સમે મળીઆ;
બીજી વાવ આવ્યા પછી, માતા રતનાગરી છે,
થોડે છેટે સોમનાથ, વળી કાકા બળીયા.

સરખલીઆ કૂવાની સામે ઉત્તરમાં એજ નામનો મોટો દરવાજો છે ને પશ્ચિમે દશા નીમા વાણીઆની જ્ઞાતીમાંના મીઠાભાઈ ગલાલની બધાવેલી મોટી ધર્મશાળા છે. તેમાં વચ્ચે હનુમાનનું દેરૂં છે ત્યાં આખા ગામના હિંદુ ધર્મ માનનારા લોકો આસો વદ ૧૪ ને રોજ સુશોભિત વસ્ત્ર તથા વિવિધ તરેહનાં આભુષણ અંગે ધારણ કરી તેલ ચઢાવવાને જાય છે.

એ કૂવાની દક્ષિણે જતાં આશરે ના ગાઉ ઉપર એક ડુંગર આવે છે ત્યાં નાની રત્નાગર માતાનું દેરૂં છે. ત્યાં ઘણા લોકો દર્શન કરવા જતા જોવામાં આવતા નથી. એ ડુંગરમાંથી રાતા પથ્થર ઘણા નીકળે છે એ પથ્થર ગામના લોકોને ઈમારતો બાંધવામાં ઘણા ઉપયોગી થઇ પડે છે. ત્યાંથી નૈરૂત્ય ખૂણે ગીરાંપુર કરીને નાનું ગામ છે ત્યાં સોમનાથ મહાદેવનું ઘણું જુનું દેરૂં છે. સંવત ૧૯૦૦ ની સાલમાં તેને સમરાવ્યું છે.

મંદાક્રાંતા.

ચાલો ચાલો, સરવ જન સૌ, શંભુની પાસ ચાલો,
મ્હાલો મ્હાલો, જરૂર શિવને, ઠામ જે ભાઇ મ્હાલો;
બોલો બોલો, નમન કરીને, શીવના છંદ બોલો,
ખોલો ખોલો, તિમર પડદા, શીવને દ્વાર ખોલો. ૧
મોટો પાપી, જરૂર જગમાં, નાથ આ રંક જાણો,
પીતા મોટા સરવ જનના, દોષ દીલે ન આણો,
ઘેલાં ગાંડાં જરૂર શીવજી, છોકરાં સૌ તમારાં,
ભોળા શંભૂ, વિમલ ગતિ દો, પાપ કાપો અમારાં. ૨

વસંતતિલકા છંદ.

ભોળા ખરે શીવ તમે ચિતનાજ ભોળા,
હેતે ધરો શરીર ઉપર ભસ્મ ગોળા;
ઝાઝી જટા શીર વિષે ધરી તેજવાળી,
પામું અપાર સુખ એ વપુ દિવ્ય ભાળી.

ગરબી.

અમદાવાદ નામે આજ, શેહેર છે સારૂં રે—એ રાગ.
દિશા આથમણીએ દ્વાર, શોભે સારૂંરે,
વળી દીસે સરોવર સારા, મન મોહ્યું મારૂં રે ૧
બહુ આગલીઓનાં ઝાડ, જોવા સૌ નિસરેરે;
એ શિવ તમારો પાડ, મને કેમ વિસરેરે. ૨
ત્યાં આંબા તરૂ અપાર, દીસે છે ફરતાંરે,
હેતે આવી સૌ નર નાર, દર્શન કરતાંરે. ૩
ત્યાંથી બે કોસ શોભે દૂર મારી માતારે;

એ તો કષ્ટ હરે છે જરૂર, છે સુખ શાતારે. ૪
ચાલો જોવા ધરી સૌ હામ, જ્યાંથી ગાડીરે,
રતનાગર માનું નામ, ત્યાં બહુ ઝાડીરે. ૫
કાને કુંડળ કંઠે હાર, મોતી કેરા છાજેરે;
વળી ધડ ધડ માને પારે, નોબત વાજેરે. ૬
માને કેસર કેરી આડ, શોભે સારીરે;
માતા પ્રીતે લડાવે લાડ, નાકે વાળીરે. ૭
પગે ઘુઘરી રૂમઝુમ થાય, હાથે હેમ ચુડીરે;
માએ અસિ ધરી કરમાંહ્ય, શોભે તે રૂડીરે. ૮
વળી સુંદિર ચળકે સાર, માની ચુંદડીરે;
આવી પવૈયા માને પારે, ફરે છે ફુંદડીરે. ૯
કહે છે મહાસુખરામ, બેઉ કર જોડીરે;
કરો પુરણ મા આ કામ, ગતિ મુજ થોડીરે. ૧૦

સોમનાથ મહાદેવનું દેરૂં ઘણું પ્રાચીન છે એવું ધારવામાં આવે છે. ત્યાં શ્રાવણ માસમાં ઘણા લોકો પુજા કરવા આખો માસ ત્યાંજ રહે છે. શ્રાવણ સુદ ૧૧ ને રોજ તે મહાદેવનો વરઘોડો આખા ગામમાં ફરે છે. જો કદાપી સુદ ૧૧ કોઇ તરેહની અડચણ હોય તો વદ ૧૧ ને રોજ નીકળે છે. ને શ્રાવણ વદ ૮ એટલે જન્માઅષ્ટમીને રોજ ત્યાં મેળો ભરાય છે. એ મેળામાં ઘણું કરીને કંદોઇ, કાછીઆ, ગાંધી વાણીઆ વગેરે લોકોનો માલ ઘણો ખપે છે. ફકત એ મેળો સાતમની સાંજથી ૯ ને રોજ બપોર સુધી રહેછે.

સોમનાથ મહાદેવથી અગ્નિ ખુણે બે ગાઉને છેટે એક ડુંગર છે ત્યાં મોટી રત્નાગર માતાનું દેરું છે. એ માતા ડુંગરની ઊપર છે

ને ડુંગરમાં ઝાડી ઘણી છે તેથી ત્યાં માતા છે, એમ લોકો જાણે ખરા; પરંતુ કોઇ ત્યાં દર્શન કરવા જતું નહીં. જ્યારે સંવત ૧૯૩૮ માં કોગળીઆનો રોગ ગામમાં ઘણો ફેલાવ્યો ત્યારથી એ માતાનો મહિમા વધ્યો છે.

ભુજંગી છંદ.

૧ ૩ ૫ ૧
ગિરિ અગ્નિ ને ખંડ આત્મા સમાગમાં,
જુઓ માત કોપ્યાંજ રત્નાગરીમાં;
કહું વાત માઝની તેહ જાણો.
સુધારા તણા લોક માનો ન માનો. ૧
થયો રોગ ચાલુ જહાં જેઠ માસે,
દીસે મા તણો કોપ એવુંજ ભાસે;
પ્રભાતે પડે છે ઘણી પૂર પોકો,
મશાણે શબોને જતા લેઇ લોકો. ૨
કહે કોઈ બાપા અને ભ્રાત ચાલ્યા,
મુકી એકલાને મશાણેજ માલ્યા;
રડે કોઈ કાકા વળી માત કહેતા,
મુખે કોઈ મામા તણું નામ લેતા. ૩
પડે છે પથારી વિષે વીસ ત્રીસ,
મરે કે જીવે તોય પાડેજ ચીસ;
જુઓ જેહને શીર ગોવિંદ રૂઠયો,
નકી જાણવો તેહનો કાળ ખૂટયો. ૪
વધ્યો રોગ જ્યારે બહુ જોરમાંતો,

સુધારો કરાવ્યો ઘણો ગામગામનો;
પડે પોલીસોને જહાં રોગ આવ્યો,
જઈ દોડી દોડી દવા કોઈ લાવ્યો. ૫
વળી વાત કેવી દિલેરે વિચારી,
કઢાવ્યાં પશૂ ગામની બ્હાર ભારી;
વળી ઝુપડાં ગામની બ્હાર કીધાં,
થયો રોગ કે તર્ત ત્યાં લેઇ લીધાં. ૬
ઘણાએ વળી હેતથી રાખી બાધા,
ઉજાણી કરી બ્હાર જૈ લાડુ ખાધા;
ઘણાં હોમિયાં શ્રીફળો ઘી ઘણાએ,
કરે નાચ ભૂઆ ન રાખે મણારે. ૭
ઉપાયો કરેછે બધા લોક આજે,
તથાપી કશાથી નહીં રોગ ભાજે;
રહ્યાં ગામ એરે પશૂ ગામ બ્હાર,
તદા બોલીઆં મા કરૂં સૂખકાર. ૮
પ્રભાતે પ્રિતે વિપ્ર ત્યાં એક આવ્યો,
કહું કાઢવા રોગ તે વાત લાવ્યો;
કર્યા એકઠા ગામના લોક ઝાઝા,
પછી બોલીયા વાત એ વિપ્રરાજા. ૯
જહાં શોભતું સાવલી એક ગામ,
શશી કોસછે મા તણો ત્યાં મુકામ;
તહાં ગામનો મુખી જો પાય લાગે,
નકી ચાર દીને કહું રોગ ભાગે. ૧૦

સહૂ એક ચિત્તે સુણો વ્હાલ આણી,
સવારે સહુકો કરોરે ઉજાણી;
ધરો નોબત ભાઈ પા[1] કોથળાની,
બધા ગામના લોક આ વાત માની. ૧૧
સુણી વિપ્રનો બોલ માન્યો ખરોરે,
વદે એમ લોકો કહ્યું તે કરોરે;
સુણી વિપ્રનો બોલ સૌ હર્ષ પામે,
કર્યા એકઠા દામ એ શુભ કામે. ૧૨
પછી પૂરના લોક પ્રીતે કરીરે,
ગયા માત પાસે દિવા સૌ ધરીરે;
નવેદ્દો ધરાવી સહૂ પાય લાગે,
કહો મૂખથી મા કદા રોગ ભાગે. ૧૩
પછી ચાર દીને ગયો રોગ નાશી,
તહાં બોલીયા સૌ ખરો બ્રહ્મ રૂપી;
પછી આવતા લોક સૌ માત ધામે,
કહી આ કથારે મહાસૂખરામે. ૧૪

દોહરો.

પ્રતિ વરસે સુદ બારશે, હોય ભાદ્રપદ માસ;
ભરાય મેળો ત્યારથી, રત્નાગરની પાસ. ૧

---

૧ પા કોથળાની=સવામણ તાંબાની નોબત કરાવો.

રત્નાગર માતાની સ્તુતી.

શાર્દૂલવિક્રીડીત છંદ.

માતા તું રતનાગરી જગવિષે, દીસે ઘણી દામણી;
માર્યા દૈત્ય અપાર આ જગતમાં, સૂખે વહે જામની;
જાણી સૂત સમાન સર્વ જનનાં, કાપો સદા દુઃખરે,
આપોરે વરદાન દાસ જનને, બોલે મહાસૂખરે. ૧

તોટક છંદ.

રતનાગરિ માત તને વિનવું, શુભ આપ મતિ ભવ મુર્ત તરું;
અતિ પાપ કદી કરતાં ન ડરું, રતનાગર સાગર કેમ તરું. ૧
સુખમાં કદી મા નહીં યાદ કરૂ, દુઃખમાં મુજ મા મુખથી ઉચરૂં;
અરજી સુણી મા તુજ મ્હાસુખની, કરજે અતિદૂર પિડા મનની. ૨

રત્નાગર માતાની અગ્નિ ખુણે એ ગાઉ ઉપર લસુંદ્રા કરીને ગામ છે. તે ગામની ભાગોળે ઉના પાણીના કુંડ છે. તેની એવી ગોઠવણ છે કે આશરે પંદર હાથ લાંબો અને તેટલોજ પહોળો એક ખાડોછે તેમાં નીચે છો કરેલીછે. તેની અંદર વચમાં મોટો કુંડ છે તેમાં ઘણું ઉનું પાણીછે. ને બીજા આસપાસ સાત આઠ કુંડછે તેમાં ટાઢું-ઉનું-જેવુ જોઈએ તેવું પાણી રહેછે. લોકો તેમાંથી નહાયછે ત્યારે ખાલી થાયછે. ને પછી સાંજરે ભરાઇ જાયછે. તેનું પાણી ખારૂંછે. તેની પાસે બીજા કુંડ પણ છે. ઘણા મુર્ખ લોકો કુંડની પાસે દાતણ કરીને પાણીનો જગાવ કરેછે તેમાં દાતણની ચીરો નાંખેછે. તેથી કોઇ કોઇ પરસંગે ઘણી ગંદગી થઈ દુર્ગંધ પેદા થાયછે.

દોહરો.

લસુંદરેથી આવજો, જોવાને નરનાર;
કહે મહાસુખ પ્રેમથી, કુબેરજીને દ્વાર. ૧

ચામર છંદ.

આવ આવ આવ શીવ દેખવા ખચીત રે,
લાવ લાવ લાવ હેત ઉરમાં અતિ જરે;
રોજ રોજ રોજ સૌ અથાગ ફુલ લાવજો,
ધોઇ ધોઇ ધોઇને કુબેરને ચડાવજો.

કુબેરજીની સ્તુતી.

માલિની છંદ.

શિવ શિવ શિવ ભોળા, આવીઓ દ્વાર તારે,
હર હર હર શંભુ, તું વિના કોણ તારે;
અતિ અતિ શિવ કીધાં, કાર્ય કુડાં તથાપિ,
નહિ નહિ નહિ દીધાં કષ્ટ શંભૂ કદાપિ. ૧

દોહરો.

પ્રિસ્કોટ સાહેબ પ્રીતથી, આવ્યા પુરની માંજ;
પરૂં વસાવ્યું પાદરે, રોગ દુર છે જ્યાંય.
અસલ ઉકરડા ત્યાં ઘણા, જંગલ જાતા લોક;
જર ઝુંટાલી ઝડપથી, ઉગ્રત્રે હેર શોક.

શારખલીઆ દરવાજામાંથી નીકળતાં જમણા હાથ ભણી જે રસ્તો છે ત્યાં થઇને કુબેરજી મહાદેવ જવાયછે. જતાં રસ્તામાં પ્રથમ જે પરૂં આવે છે તેને લોકો "હનુમાન પરૂં" કહેછે, કારણ કે એ પરામાં થઇને હનુંમાન જવાનો રસ્તોછે. પરંતુ એ જગોએ પ્રથમ લોકો ખાતરના ઢગલા કરતા હતા, તથા પૂંજો વિગેરે નાંખી ગંદકી કરતા હતા તેથી ઘણી અસ્વચ્છ હવા ગામમાં આવતી. માટે ત્યાં મહેરબાન કલેક્ટર પ્રિસ્કોટ સાહેબે ગંદકી દૂર કરી લોકોને વસાવ્યા. માટે તેઓ સાહેબની યાદગીરી સારૂ આ પુસ્તકમાં એને "પ્રિસ્કોટ પરૂં" એવું નામ આપેલું છે. અને ધારૂંછું કે હવેથી તેને લોકો "પ્રિસ્કોટપરૂં" કહેશે.

મનહર છંદ.

શિવની પાછળ શોભે, વ્યાસજીની વાડી વળી,
તેની સામે શોભે કૂપ, તેમાં મીઠું પાણી છે;
પુર તણી પ્રેમદાઓ, પાણી ભરવાને જાય,
તેમાં કોઈ કુમારજી, કોઇ ઘણી શાણી છે;
તેનીરે આગળ જતાં, આવે શમશાન ઠામ,
જુઓ ત્યાં શબોને કાજ, પથારીઓ તાણી છે;
કહે મહાસુખરામ, બાહ્ય ભાગ બંધ કરી,
માંહ્ય ભાગ વરણવા, હોશ ઉર આણીછે. ૧

કુબેરજી મહાદેવથી આશરે અધગાઉ ઉપર નડીયાદ જવાની સડક છે ત્યાં મોહોર નદી ઉપર સરકારે લોઢાનો મજબૂત પૂલ બાંધેલો છે, તેથી ચોમાસાના દીવસમાં લોકોને જતાં આવતાં એ નદી તરફથી હરકત પડતી નથી. એ પૂલની પશ્ચિમ દિશામાં બે ખેતર-

ગાને છેડે મોહોર અને વરાંસી નદીઓનો સંગમ થાય છે.

કુબેરજી મહાદેવથી ગામમાં જવાનો જે દરવાજો છે તેને ગી-ઠા તળાવનો દરવાજો કહેછે તેનું કારણ એછે જે એ ભાગોળે પહેલાં મીઠા પાણીનું મોટું તળાવ હતું. અને હાલ પણ એની નિશાનીઓ માલમ પડેછે આ ગામમાં નીચે લખેલા મનહર છંદમાં જણાવેલી જાતોની વસ્તી છે.

મનહર છંદ.

બ્રાહ્મણ વણિક સોની, દરજી સૂતાર મોચી,
ઘાંચી કણબી લુહાર, તપોદન કાછીઆ;
ભાટ ભીલ કસાઈને, વોહોરા વાળંદ ગોલા,
શીશગર માળી તઈ, હેડા ભોઈ ભંગીઆ;
કુંભાર કંસારા બાવા. ભાવશાર રંગરેજ,
કંદોઈ રાવળીઆને, ચામડીઆ કડીઆ,
રજપૂત ભાડભુંજા, વાઘરી પવૈયા ઘોબી,
ઠપગર મલેક પઠા—ણુકારખાનીઆ. 1

ગરબી.

ઓધવજી સંદેશો કહેજો શામને—એ રાગ.

આવોરે આવોરે જોવાપુરમાં,
જ્યાં શોભેછે સુતાર કેરા ઠામજો;
તેનીરે પાસે મંદીર છે શોભતું,
જેમાં વસેછે સદાય મોટા રામજો. આવોરે. 1
ચકલાની મધ્યે બાંધીછે પરવડી,
તેથી સૌને અધીક થાશે પુન્યજો;

તેમાંરે નાંખો દાણા સૌ પ્રીતથી,
તેમાં કદી કરો નહીં લોકો ન્યુનજો. આવોરે. ૨
શ્રીમાળી વિપ્રોછે સામા શોભીતા,
વળી વણિકનું પાક શાળનું ધામજો;
બાળોને બાટોનાં ઘરને વાવડી,
તેમાં માતા શિધવાવનો ઠામજો. આવોરે. ૩
ત્યાંથી જો ચાલ્યાતો મંદીર આવીયું.
જેમાં છે રાધે કૃષ્ણનો વાસજો;
ખડાયતા વિપ્રો વણિક છે ત્યાં વળી,
તેને સોની મહાજનનો સહવાસજો. આવોરે. ૪
ત્યારપછી જુઓને અંગા ગાવડી,
આગળ શોભે કુંડ મ્હાલક્ષ્મી માતજો;
ઘડીઆળી સામે નિલકંઠ મહાદેવ છે,
ભોંયરામાં તે રહે છે દીન ને રાત જો. આ૦ ૫
આ જગમાં અનુભવ મને જે થયો,
તે ઉપરથી કહું છું હું એક વાણુ જો;
ગામે ગામે શીવ દેરાં જોયાં ઘણાં,
પણ દીઠું નહીં નિલકંઠ સમ મેં બાણુ જો. આ૦ ૬
ગોલાનાં ઘર જોઈ મોચીવાડે વળી,
જોવા જાજો મળીને નરને નાર જો;
દવાનું ઠેકાણું દરવાજે જુઓ,
આવે દરદી દોડી દોડી અપાર જો. આ૦
દીવાની કોરટમાં દાવા ચુકવે,

તે જોઈ જુઓ મ્યુન્સિપાલ આફીસ જો;
વ્હાલ ધરી વિષ્ણુવાડો જોઇ પરવરો,
ઉગામાં જ્યાં ઢોરાં પાડે ચીસ જો. આ૦ ૮
દરવાજેથી ચાલો ઉગમણી દીશમાં,
થોડે છેટે કાછીઆ કેરો ઠામ જો;
આગળરે કારખાનીઆ સાબુ બહુ કરે,
તેની પાછળ વોહોરાનો મુકામ જો. આ૦ ૯
વોહોરાનાં ઘર ને મસીદ જોઈ આવજો,
જોતાં જોતાં આવે નહીં ત્યાં પાર જો;
બાળો ને મંદીર મોઢ બ્રાહ્મણનાં વળી,
વ્હેલાં ચાલો ત્યાંથી સહુ નર નાર જો. આ૦ ૧૦
નિલકંઠ પાસે રહે છે ભીમ કુમાર રે,
જેનું છે આ જગમાં ઝાઝું જોર જો;
આગળરે મંદીરમાં નારી ઘણી મળી,
સંભળાવે છે ભક્તિ તણો બહુ શોર જો. આ૦ ૧૧
ત્યાંથીરે આવી જુઓને વાવડી,
ઝાડ નીચે શોભે મોઢેરી માત જો;
સામીરે સુંદિર મશીદ છે શોભતી,
ત્યાં બાંગ પોકારે વોહોરા કેરી જાત જો. આ૦ ૧૨
થોડેરે છેટે મંદીર છે રામનું,
ધર્મશાળાની સામે નરનારાણ જો;
તેનીરે સુંદર શોભા હું શી કહું,
અલ્પ ગતિથી મ્હાસુખ બોલે વાણુ જો. આ૦ ૧૩

ગરબી.

ક્યાં ગયોરે પેલો મોરલી વાળો અમારા ઘુંઘટ ખોલીરે—એ રાગ.

ઝટ ઝટ ચાલો જોવાને સૈ જ્યાં શોભે છે દેરૂંરે;
અપાર ધન ખરચી બંધાવ્યું, અષ્ટાપદજી કેરૂંરે. ઝટ૦ ૧
સાગો પોળે બીજું મોટું, શોભે રૂડું ધામરે,
આદિશ્વરને શાંત્તીનાથનો, સદાય ત્યાં તો ઠામરે. ઝટ૦ ૨
શ્રાવક જનનાં ઘર છે ઝાઝાં, જર વાળા તે ભારીરે;
રામ દૂત જોઇ મસીદ જોજો, તે શોભે છે સારીરે. ઝટ૦ ૩
ધન્ય ધન્ય છે મોહાબાઇ ને, કર્યું ઉપકારી કામરે;
પ્રીતે પાંજરાપોળ કરાવી, ઝાઝો ખરચી દામરે. ઝટ૦ ૪
કોટની પાસે પાસે ચાલી, શીશગર વાડે આવોરે;
કાચ બનેછે ભારી ત્યાં સૈ, જોવા હેત બતાવોરે. ઝટ૦ ૫
નાલચંદ ભાઈની બાગે થઇને, આવો જોવા કાજરે;
નગર શેઠનાં ઘર તો જાણે, ઉભાં મોટાં ઝાઝરે. ઝટ૦ ૬
અષ્ટાપદની સામે શોભે, હરસદ માનું ધામરે;
નગર શેઠ કેવળભાઇને ઘેર, મલ્લીનાથનો ઠામરે. ” ૭
ત્યાંથી આગળ જાતાં આવે, ચિંતામણનું દેરૂંરે;
દલાલવાડે દેરૂં શોભે, વાસ સુપુજ શ્રી કેરૂંરે. ” ૮
અજીત નાથને નિરખી જોવા, મોદીવાડે મ્હાલોરે;
આદિશ્વર દેખીને વ્હેલા, ઉભે બજાર ચાલોરે. ” ૯
જગણે હાથે જાતાં આવે, શાળા કેરૂં ધામરે;
શાળા પ્રત્યે બોલે વાણી, હેતે મ્હાસુખરામરે.

નર્મવૃત્ત.

અરે નિશાળ શોભતી, બજારમાં બિરાજતી,
સુકિર્તિ તારી ગાજતી, સદાય મૂજ ગામમાં;
પશુ સમાન હું હતો, તનેજ કાળ જાણતો,
કદી ન ભાવ આણતો, જરાય તુજ ધામમાં;
કદી ન રીસ તેં કરી, રસીક કામ આદરી,
અથાગ જોર વાપરી, મને ભણાવી ગામમાં;
ઘણા ગુણો નિશાળરે, વિસાઈ કેમ બાળરે,
ઘણોક જાય કાળરે, મને ધર્યો સુધામમાં. ૧

ભુજંગી છંદ.

હમેશાં નિશાળે ગુરૂ જ્ઞાન આપે,
ભણાવા મને ત્યાં મુકયો મૂજ બાપે;
ભણી ને ગયો હું જહાં [1]રાજધાની,
ભણ્યો જેહ વિદ્યા લહો આ નિશાની. ૧
નિચે શોભતી શુભ કન્યાની શાળા,
પ્રિતે પૂરની ત્યાં ભણેછેજ બાળા;
સહૂ લોકને તેહના રાગ વ્હાલા,
દિસે એક સામી પુસ્તકોની શાળા. ૨
પછી આગળે જૈ જુઓ ધર્મ કેરી,
દિસે પર્વડી શોભતી તે ઘણેરી;
તહાં આગળે પંખીઓને સુખો દે,
નિમાજો પડે કો કડીઆ મસીદે. ૩

૧ રાજધાની—અમદાવાદ.

પછી ઘાંચી કેરા તમે વાસ ભાળો,
વળી ફોજદારી કચેરી નિહાળો;
વળી માંહિ જૂઓ નવી છે કચેરી;
તહાં થાય વાતો વસુલાત કેરી. ૪
દિસે આમલી લીંમડા પિંપળારે,
ઘણી બોરડી કેળના થાંભલારે;
વળી જાય જૂઈ ગુલાબો તણાંરે,
ફુલો ખીલીઆં મોગરાનાં ઘણાંરે. ૫
બહુ ઓરડીઓ દિસે તેહ ઠામે,
રહે તાં સિપાઈ તહાં બાજીઆ મેં;
જહાં બ્હાર જૂની મસીદ વાવ મોટી,
તહાં જો ગયા તો રહે ચિત્ત ચોટી. ૬
પછી આવજો દેખવા સાથ જોડે,
પિંજારા વળી જોઈ કુંભારવાડે;
ઘણા આમલી લીંગડા વૃક્ષ આજે,
તહાં રોકડીઆ હનૂમાન છાજે. ૭
ફરો દેખી દેશાઈનાં દ્વાર સારાં,
પછી ગોકુળે મંદિરે દેખ ઢોરાં;
મળ્યા મંદીરે લોક જોવા હજારો,
ઘણાં મર્દ નારી કરે કૂ વિચારો. ૮
જુઓ જૈ તમે દર્જીનાં દ્વાર ન્યાળી,
વળી ત્યાં જુઓ માત છે ભદ્રકાળી;
દીસે નારણદેવજી એજ ધામે,
બનાવ્યા પ્રીતે છંદ મ્હાસુખરામે. ૯

આ શહેરમાં નીચે પ્રમાણે પોળો છે તેમાં પોળોમાં ઉજળી વસ્તી છે.

જટવાડો, લુહારવાડો, ત્યાં રોકડીઆ હનુમાન તથા ચામુંડા માતા છે. કુંભારવાડો, ગોસાઇવાડો, વહેરી માતાનું ફળીઉં, ત્યાં એ-જ નાગની માતા છે. **મોટો નાગરવાડો,** ત્યાં હાટકેશ્વર મહાદેવ તથા વાઘેશ્વરી માતા છે. એ મહાદેવ આશરે બસેં વરસ ઉપર નાગર બ્રાહ્મણ વજેરામ કાશીરામે બેસાડ્યા હતા **દેસાઇવાડો,** તેમાં ચતુર્દેવીનું બાગ છે. ત્યાં મોટો કૂવો છે તેને ઢાળકૂવો કહેછે. **ભાઇચંદ શંભુલાલની ખડકી, અમથા પંડ્યાની ખડકી, શ્રીમાળી વાડો,** વાળંદવાડો, **કૂવાફળી,** ત્યાં મોટા રામજીનું મંદીર છે તે મંદીર સંવત ૧૮૬૯ના આસોસુદ ૧૫ને રોજ પશુભાઈ બારોટે બંધાવ્યું છે. તેમાં ગંગેશ્વર મહાદેવ છે તે પશુભાઇના ભાઇ ગલાભાઇએ બેસાડેલા છે. **સુતારવાડો, રાવળ પોળ,** મોટો બારોટવાડો, ત્યાં શીંધવાવ નામે વાવ તથા તેજ નાગની માતાછે. **રંગીતલાલની પોળ, પાડાપોળ,** ત્યાં રાધેકૃષ્ણનું મંદીર, બહુચર માતા ને ધોળી કુઇ છે. નાનો બારોટવાડો, **ખડાયતાવાડ, સોનીવાડો,** તેની પાસે અંબા માતા છે તે જોશી લોકોમાંના કોઈ છગન મુળજીએ બેસાડેલાં કહેવાય છે. **ભડકણની ખડકી, તાપીની ખડકી, પારેખનો ટકરો, વૈષ્ણવનો કોઠો, મહેતા પોળ,** તેમાં આસેપાઇ માતા છે. તથા પાસે ગોકુળનાથજીનું મોટું મંદીર છે. દરજી વાડો, **ગાંધીવાડો, દાંણીવાડો, જોશીની ખડકી,** ત્યાં નાર- મંદીર છે. **અમથા પારેખની ખડકી, વીશાશ્રીમા-** ખડકી...વેલી. આગળ ભદ્રકાળી માતા છે. **ઝાંપલીપોળ,**

મોદીવાડો, તઈવાડો, રાવળીઆવાડ, વણુકરવાડ, ભાવસારવાડ, કડીઆવાડ, પીંજારાવાડ, ત્યાં જુમા મસીદ છે. તે પહેલાં શ્રાવકોનું દેરાસર હતું. તેમ ધારવાનું કારણ એકે હાલ ત્યાં ખંડિત થએલી મૂર્તિઓ તથા સિંહાસન જોવામાં આવેછે. એ મસીદમાં પેસતાં દરવાજા ઉપર લેખ છે તેની મતલબ નીચે પ્રમાણે છે. હીજરી સન ૭૭૦ એટલે સંવત ૧૪૦૯માં આ ગામમાં હુમાયું તથા ફીરોજશાહ નામના બે ભાઈ રાજ્ય કરતા હતા. તેમણે પરમેશ્વરના હુકમથી હવાની અંદર હમેશાં કાયમ રહેનાર મકાન બંધાવ્યું. કચેરીમાં જતાં ડાબે હાથે બીજો લેખ છે તેમાં ફક્ત તે પાદશાહનાં સગાં વહાલાંનાં નામ છે. તેનો તરજુમો મારી પાસે છે પરંતુ જગાની સંકોચણને લીધે દાખલ કર્યો નથી. ઘાંચીવાડો, ડફગરવાડો, શીશગર વાડો, ત્યાં એ જાતના લોકો રહેછે. તે લોકો કાચ બનાવેછે. તે કાચ ચોખ્ખો થતો નથી. તે કાચને બીલોરી કાચ કહેછે. એ લોકો કાચ બનાવવાની રીતમાં સુધારો કરે તો સારો કાચ બને ખરો. આ શેહેરના શ્રીમંત સદ્ગૃહસ્થોને મારી એટલીજ ભલામણ છે કે પરદેશથી હુનરી લોકોને તેડાવી સાબુ અને કાચનાં કારખાનાં સુધારવાને મહેનત કરો. મલેકવાડો, ચુડગરવાડો, તે જગોએ મદરશાબ પીરનું ધામ છે ત્યાં રબીઉલ આખર મહીનાની તા. ૧૯ મીને રોજ ઉરશ ભરાય છે. માળીવાડો, ભીલવાડો, (માળીવાડાથી પાછા ફરી સીશગર વાડે થઈ અંતેસરીઆ દરવાજા ભણી જતાં રસ્તામાં આવેછે.) સીપાઈવાડો, ત્યાં એક મસીદ છે. દશા નીમા વાણીઆ મીઠ લાલની બંધાવેલી પાંજરા પોળ પણ ત્યાંજ

૧-૧૦-૮૦ને રોજ ઈંદુસ્કુલ સ્

એરવાડીઆ હનુમાનની ખડકી, ત્યાં એરવાડીઆ હનુમાન છે. **વંડાની પોળ, ઢાકવાડી,** તેમાં નીમા જ્ઞાતીના વ્રજલાલ મોતીચંદે સંવત ૧૯૦૪ના વૈશાખ વદ ૬ને રોજ આદીશ્વરનું મોટું દેરૂં બંધાવ્યું છે. **તાપેશ્વર ખડકી,** તેમાં તાપેશ્વર મહાદેવ છે. **ગોરવાડો, હરસદ માતાની પોળ,** ત્યાં હરસદ માતા તથા અષ્ટાપદજીનું બાગ છે. હરસદ માતાએ આસોસુદ ૮ને રોજ ઘણા લોકો સુશોભિત વસ્ત્ર ધારણ કરી દરશન કરવા જાયછે.

અષ્ટાપદજીનું દેરાસર સ્વર્ગવાસી શેઠ નાલચંદ નથુભાઇની યાદગીરી સારૂ તેમની માતુશ્રી અમ્રતબાઇએ પોતાના કારભારી, સૈયદ હુસેનમીઆં દાદામીઆંની મદદવડે સંવત ૧૯૪૨ના વૈશાખસુદ ૧૧ને રોજ બંધાવી તૈયાર કર્યું છે. આ ગામમાં શ્રાવક લોકોનાં બીજાં સાત દેરાસર છે પરંતુ આ કરતાં બીજું શ્રેષ્ટ જોવામાં આવતું નથી. આ દેરાસર બંધાવતાં આશરે બે લાખ રૂપીઆ ખરચ થયો છે. શેઠાણી અમ્રતબાઇને તથા કારભારી સાહેબને મારી એજ વિનંતી છે જે હવે અંતેસરીઆ ભાગોળે એક વિશાળ સરોવર બંધાવવાની કોશીશ કરો, કે જેથી લોકોને ન્હાવા પીવાને વધારે સુખ થાય. વળી આજસુધીમાં પરોક્ષ રીતે પરોપકારી કામ ઘણાં થયાં હશે. પરંતુ પ્રત્યક્ષ રીતે પરોપકારી કાર્ય કંઇપણ થયું જણાતું નથી. માટે મારી ધારણા બર આવે તો દેશ પરદેશ સુકીર્તિનો વિશેષ ફેલાવો થાય. એટલુંજ નહીં પણ વાચા વગરનાં અસંખ્ય પ્રાણી અખંડ ભોગવી આનંદ કરે તેનું ફળ આ વિશ્વનો ધણી તમા- વગર રહેજ નહીં.

ની પોળ, ત્યાં નગરશેઠ કેશવભાઈ જે-

ચંદભાઈ રહેછે. તેમના પૂર્વજો તરફથી પ્રત્યક્ષ પરોપકારી કામ ઘણાં થએલાં જોવામાં ને સાંભળવામાં આવેછે. **ચિંતામણની ખડકી, સાંકડી શેરી, દલાલવાડો,** ત્યાં વીરચંદ લાલદાસ કરીને કોઇ નીમા વાણીએ સંવત ૧૯૨૮ના વૈશાખ સુદ ૬ને રોજ વાસુ પુજશ્રીનું દેરાસર બંધાવ્યું છે. **જાટની ખડકી, શોત્રીવાડો, મોદીની ખડકી, કાચાશેઠની ખડકી,** ત્યાંથી ઉત્તરમાં બજારમાં જતાં તા. ૧-૧૧-૧૮૩૦ને રોજ સ્થાપન થએલી મુખ્ય સ્કૂલ તથા તા. ૫-૧-૧૮૭૭ને રોજ સ્થાપન થએલી કન્યાશાળા, અને પુસ્તકશાળા આવેછે. ત્યાં શાગશેઠને ચકલે એક પરેડી છે. ત્યાં કડીઆની મસીદ છે. તેનો લેખ કાઝી સાહેબના દફતરમાં લખેલોછે. તેની મતલબ નીચે પ્રમાણે છે.

ફરગાયુન નબી સાહેબે એ મસીદ (જે બગીચા જેવું હવામાં ઉભું રહેનાર મકાન) દુનિઆને માટે યા દીનને માટે, ઉંચા ઘરાંણાનો ઉમેદવાર, બીજદુરગા પરમેશ્વરની મજબુતીને માટે હીજરી સને ૭૨૦ (સંવત ૧૩૫૯માં) બંધાવેલી છે. વળી એ લેખમાં અબુલફૂતા-અહમદશાહ-બીન મહમદશાહ-બીન મુજફ્ફરશાહ-સુલતાન બીન સુલતાન, એ પ્રમાણે નામ પણ આપેલાં છે.

પિંપળા ખડકી, તેમાં જૈન બંધુ જબરેશ્વર નામના મહાદેવ છે. **હનુમાન વાળી પોળ,** એને ઉંડો પાડો પણ કહેછે. કારણ ત્યાં પહેલાં ઘણું ઉંડું તલાવ હતું એવું ધારવામાં આવેછે. એ પોળમાં કૂવા ઉપર કામનાથ મહાદેવ છે., **શંકર દયાભાઈ ડાહ્યાભાઇની ખડકી, ભટ** જ્ઞાતિમાંના સ્વર્ગવાસી રાજેશ્રી ···૨૦

મેશાળા, રામજી મંદીર તથા સ્વામીનારાયણનું મંદીર આવેલું છે. પાઠીદારવાડો, **શલાટવાડો** તેમાં ખોડબાઇ માતા છે. બહારની બાજુએ બત્રીસ કોઠાની વાવ છે ત્યાં મોઢેશ્વરી માતા છે. **કાંટાવાળી ખડકી, નાનો નાગરવાડો,** તેમાં હાડકેશ્વર મહાદેવ છે. **રત્નેશ્વરની ખડકી, બ્રહ્માણી માતાનું ફળીઉં** તેમાં બ્રહ્માણી માતા છે. મોટી વોહોરવાડ, નાની વોહોરવાડ, તેમાં મોટી વોહોરવાડમાં ઘણીજ સરસ મસીદ છે. વોહોરા લોકોનાં ઘર બીજા લોકોના ઘર કરતાં વધારે રળિઆમણાં દેખાય છે. **નરસિંહ શિવશંકરની ખડકી, મુળજી પરાગની ખડકી,** કાછીઆવાડ, કારખાનીઆવાડ, તે જગોએ કારખાનીઆ નામે મુસલમાન જાતના લોકો વોહોરાના આશ્રયથી સાબુ બનાવેછે. પણ તે સાબુ સફાઇદાર થતો નથી. વીંછુવાડો, ત્યાં દવાખાનું, સબાર્ડીનેટ જડજની કચેરી, તથા મ્યુનીસીપાલ ઓફીસ છે. મોચીવાડો, ગોલવાડ, ત્યાં મોટું ઘડીઆળ છે પરંતુ તે સારી રીતે વખત પ્રમાણે ચાલે છે કે નહીં તેની બરાબર કાળજી નહી રાખવાથી લોકોને વખત જોવાને નિરૂપયોગી થઇ પડે છે. ત્યાં ઘણો મોટો કુંડ બાંધેલો છે. કુંડની સામે મહાલક્ષ્મિ માતા છે. નાની વોહોરવાડ, ત્યાં હાલ હિંદુ રહેછે. **શેઠવાડો,** ત્યાં તા.૧-૧૦-૯૫ને રોજ સ્થપાએલી બ્રેંચ સ્કૂલ છે.

વિશેષ હકીકત.

આ શહેર જુનું અને જોવા લાયક છે તેની સાબિતી એ છે
તી વાં નમાળાની ચોપડીમાં વિધા સબંધી વિષયોમાં આ
કરેલો છે. (પાઠ ૧૩૪ મો.) આ ગામ
રીતે બે નદીઓનું પાણી ગામમાં

પેશી શકે તેમ નથી. ઉપર બતાવ્યા પ્રમાણે એકંદર ૮૬ પોળો છે તેમાં ઘણીખરી પોળોને દરવાજા છે તેથી લોકોના જાન માલનું ર ક્ષણ સારી રીતે થાય છે. પોળે પોળે ઘણું કરીને પાણીના ણ છે. લોકોના ઘરની બાંધણી જથાબંધ છે જો બ્રાહ્મણ ત્યાં બ્રાહ્મણ, વાણીઆ ત્યાં વા... તેમાં બીજી જ્ઞાતીના ભાગ્યેજ હોય. વોહોરા પૈસાદાર છે. તેઓના વેપાર રોજગારવડેજ આ ચું છે. વોહોરા લોકનાં આશરે ૭૦૦ ઘર છે. છે. બ્રાહ્મણ વર્ગમાં મોઢ બ્રાહ્મણનો જથો ભારે સ્થીતિમાં છે. આ ગામના લોકો બીજાં શહેરોની ગળ વધેલા જોવામાં આવતા નથી. હાલમાં ધં ધિ થવા માંડી છે. પૈસાદાર લોકો પણ ઘણા છે. ડો ઉપયોગ કરતાં કેટલાક ભાઈઓને આવડતો ન નો પૈસો ધીમે ધીમે વૃધિ નહીં પામતાં લય પામે

આ ગામમાં એક સરોવર બાંધેલું નથી તેણે ના દિવસમાં લોકોને ઘણી ઇજા પડે છે. શ્રીમંત વર્ગ નવાણો બંધાવવાની સમજ નથી એ ઘણું દીલગીરી

હે પરમેશ્વર તારી સ્તુતિ કરી એક નમ્ર વાક્ય કે આ ગામના લોકોને દિન પ્રતિદીન વેપાર રોજગાર રાજ કાજની બાબત સમજવામાં, સદાચરણમાં, પરો રવામાં, સુસંપ વધારવામાં, બુદ્ધિ બળ વગેરેમાં આગ હેવાને ધૈર્ય, ડહાપણ, વિવેક, પૈસો અને સ... આ

સમાપ્ત